॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૨૧ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૦૭ જુન-૨૦૧૦

## સ્વયં બનો પોતાના સંગઠનનો મેરૂદંડ

યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્ય વાંગ્મય ભાગ-૪૬, પાના નંબર-પ.૨૯-૩૧માંથી

### સંગઠનની શક્તિ

''એક કરતાં બે ભારે પડે છે.'' બે પૈડાની ગાડી ચાલે છે અને વજન પણ ઉપાડે છે. એક પૈડાનું વાહન તો સરકસમાં કૌતૂહલ દેખાડવા સિવાય અન્ય ક્યાંય કદાચિત જ સફળ થાય છે. સરખા સ્વભાવ વાળા ભાવનાશીલ ભેગા થાય છે ત્યારે તેમની શક્તિ અનેક ગણી વધી જાય છે. એવી જ રીતે પતિ અને પત્ની જ્યારે એક સમાન વિચારવાળા હોય, ત્યારે કાર્ય અને સહયોગનો આનંદ અનેકગણો વધી જાય છે. રામ-લક્ષ્મણના, અંગદ-હનુમાનના, કૃષ્ણ-અર્જુનના યુગ્મ એ કરી શક્યા, જે એકાકી રહેવાની સ્થિતિમાં કદાચ જ કરી શક્યા હોત. એક-બીજા પ્રત્યે ઈમાનદાર અને વફાદાર રહેતા સાહસ અને પરાક્રમના ક્ષેત્રે અનેકગણી ઉપલબ્ધિઓ અર્જિત કરતા જોવા મળ્યા છે.

મોટા સમૂહોનો પ્રભાવ તો આની કરતાં પણ વધારે હોય છે. પાંચ પાંડવોનો સમૂહ મહાભારત જીતવામાં સફળ થયો હતો. સંસારના મહામાનવો દ્વારા કરવામાં આવેલા મહાન કાર્યોની સફળતા પાછળ જ્યાં અનેક સુયોગ બન્યા છે, ત્યાં એક મોટી વાત નિશ્ચિત રૂપે એ પણ છે કે તેઓ પોતાના સ્તરના અનેક સાથી-સહયોગી-ઓને ભેગા કરવામાં સફળ થયા છે. સંયુક્ત શક્તિએ જ એક-બીજાનું સાહસ વધાર્યું છે. લોકોની દૃષ્ટિમાં તેમણે પોતાની પ્રમાણિકતા સિદ્ધ કરી વિશ્વાસ જીત્યો છે.

### વિગ્રહ-વિઘટનની જનની-ક્ષુદ્રતા

ક્ષુદ્રતાનો સૌથી મોટો ઘાતક દુર્ગુણ એ છે કે તે એકાંગી શ્રેય-લાભ માટે આતુર રહે છે. બીજાઓ દ્વારા આપવામાં આવેલ સહયોગનું મૂલ્યાંકન નથી કરતી. શ્રેયની લાલસા જ્યારે સીમા લાંઘી જાય છે ત્યારે સમૂહના ગુણગાન કરવાની જગ્યાએ સ્વયંના કૌશલના જ વખાણ કરવા લાગે છે ત્યારે જ વિગ્રહ ઉભો થાય છે અને સંગઠનમાં ટૂટ-ફૂટ થાય છે. આ માટે દૂરદર્શી લોકોનો દૃષ્ટિકોણ એ રહ્યો છે કે 'હું' ના સ્થાન પર જો 'અમો'નો પ્રયોગ કરવામાં આવે, તો આનાથી યશ વહેંચાઈ જઈ દરેકના ભાગે આવશે અને સ્વયંને પાછળ રાખી સાથીઓના ગૌરવને વધારવાથી લાલસાનું પોષણ પણ થાય છે. સત્પ્રયોજન માટે ઉભા કરવામાં આવેલ સંગઠનોના સ્થાયિત્વમાં આ એક મોટું કારણ એ છે કે શ્રેય માટે ખેંચતાણીનો મોકો મળતો નથી અને વાસ્તવિક સંગઠનકર્તા એક કદમ પાછળ રહી સર્વને શ્રેય આપે છે.

ક્ષુદ્રતાનો એક બીજો પક્ષ એ છે કે કોઈ કાર્યના પ્રયાસમાં સંચાલક-સંયોજક બનવા માટે આતુરતા પૂર્વક લાલાયિત થવું. જ્યારે સમૂહનો પ્રત્યેક વ્યક્તિ પોતાની પ્રમુખતા દેખાડવાનો પ્રયત્ન કરે છે, ત્યારે અન્ય સાથિઓમાં પણ તેવી જ ઈર્ષ્યા જાગવી સ્વાભાવિક છે. સંસ્થાઓમાં પદાધિકારી બનવાના પ્રશ્ન પર લગભગ ખેંચતાણ તેમજ પાર્ટીબાજી ચાલે છે. આ ખેંચતાણ આગળ જતાં પાર્ટીબાજીમાં, શત્રુતામાં ફેરવાઈ જાય છે અને એ ઉદ્દેશ્યને જ નષ્ટ કરે છે જેના માટે સંગઠન બન્યું હતું.

### ઐષણાઓથી બચો

સાર્વજનિક જીવનમાં પ્રવેશ કરવાવાળા-ઓએ ત્રણ ઐષણાઓથી બચવા પ્રયત્ન કરવો જોઈએ. પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા. પુત્રૈષણાનો અર્થ છે-સંતાનની સંખ્યા વધારી તેને સુસંપન્ન બનાવવા માટે તાણા-વાણા વણતા રહેવું, આ સ્થિતિનું નામ જ મોહ છે.

બીજો દુર્ગુણ છે-વિત્તૈષણા, ધન-વૈભવની લાલસા. આના કારણે જ લોકસેવીના ચરિત્રનું પતન થાય છે, લોકોનો તેના પરથી વિશ્વાસ ઉઠે છે અને આત્મબળમાં ઉણપ આવે છે. લોકસેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાવાળાઓએ સામાન્ય નાગરિક જેવું જીવન જીવવું પડે છે. નહીં તો લોકો એ અનુમાન લગાવે છે કે જે તેની પાસે જે પણ પૂંજી છે તે સાર્વજનિક ક્ષેત્રમાંથી કમાણી કરી એકઠી કરી હશે. લોકોમાં આ પ્રકારે શંકા પેદા થવાની શક્યતા ન રહે, એ જ કોઈ પણ સેવા-સંગઠનમાં કામ કરનારાની શાન છે.

ત્રીજી સૌથી ભયંકર છે-લોકૈષણા. યશ, લાલસા, મોટાઈ સાબિત કરવા માટે રચવામાં આવેલ પ્રપંચ. પોતાને સમુદાયના વરિષ્ઠ સાબિત કરવા માટે પોતાના તરફથી કરવામાં આવેલ પ્રયાસ આ જ શ્રેણીમાં આવે છે, જેનાથી લાભની જગ્યાએ નુકશાન થાય છે. લોકો આ દુર્બળતાને સહજ રૂપે સમજી લે છે અને કરેલા સેવા કાર્યોની હાંસી ઉડાવે છે. શ્રદ્ધા તૂટે છે અને સન્માન તથા વિશ્વાસ ઘટી જાય છે. સેવા કાર્યો માટે જે સમયદાન-અંશદાન વગેરે કરવામાં આવ્યું હતું, તેના બદલે જ્યારે યશ મેળવવા માટે આપાધાપી થાય છે ત્યારે લોકો આરોપ અને આક્ષેપ લગાવે છે. એટલા માટે દૂરદર્શી લોકો પોતાનું સન્માન ટકાવી રાખવા બીજાને યશ આપી સ્વયં પાછળ રહેવાની નીતિ અપનાવે છે.

### વિશ્વાસનો આધાર-પારદર્શિતા

સમૂહોનું સ્વરૂપ લાંબાગાળે સંગઠન જેવું બની જાય છે. એમાં કાર્ય સંચાલન માટે પૈસા પણ કોઈને કોઈ કારણવશ ભેગા થાય છે. તેનો હિસાબ એવો રાખવો જોઈએ, જેથી કોઈ શંકાશીલ વ્યક્તિને પણ આંગળી ચિંધવાનો મોકો ન મળે. તેમાં આપણું કામ હિસાબ-કિતાબ સંબંધિત હોય તો કોઈના પૂછ્યા પહેલાં દરેકને તેની જાણકારી આપતા રહેવું જોઈએ. જેથી કોઈને માટે તે ચર્ચાનો વિષય ન રહે. કોઈના દ્વારા કરવામાં આવેલું સેવા કાર્ય ગમે તેટલું મોટું કેમ ન હોય, પરંતુ જો યશ, લાલસા અને પૈસાના ગોટાળા સંબંધિત આક્ષેપો લાગવા લાગે, તો પોતાની તેમજ સંગઠન બંન્નેની હાનિ થાય છે. આ બાબતે જેટલા પવિત્ર અને પ્રમાણિક રહેવાય તેટલું વધારે સારૂ છે.

### ધૈર્ય અને સાહસની અગ્નિ પરીક્ષા

સેવા માર્ગમાં એક પક્ષ એ પણ ધ્યાન રાખવા યોગ્ય છે, તે એ કે સત્પ્રવૃત્તિઓ વધારવાના પવિત્ર કાર્યના માર્ગમાં પણ દુષ્પ્રવૃત્તિને ઉખાડવાનું કાર્ય પણ જોડાઈ જાય છે, આમાં સ્વાર્થી તત્વોની પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે હાનિ થાય છે. તેઓની હાનિ થતાં અણધાર્યા આક્રમણ થાય તે સ્વાભાવિક છે. તેથી એ માનીને ચાલવું જોઈએ કે સજ્જનોનું સંગઠન પણ અનીતિને ક્રોધિત કર્યા વગર રહેતું નથી. આ માટે અનિતિના પક્ષધર હાનિ પહોંચાડવા માટે તત્પર દેખાય તો તેને પણ સ્વાભાવિક માનવું જોઈએ. દેવતાઓ ઉપર પણ અસુરો કોઈને કોઈ રૂપે આક્રમણ કરતા રહ્યા છે, તેથી આપણી ઉપર પણ આવું થઈ શકે છે.

જોવામાં એ આવ્યું છે કે જ્યાં સુધી સેવા-સંગઠન મજબૂત કે પ્રભાવશાળી નથી થતું, ત્યાં સુધી તેની ઉપેક્ષા થતી રહે છે, કોઈ ચર્ચા પણ નથી કરતું. જ્યારે મૂળીયાં મજબૂત થાય છે અને સત્પ્રયાસોનું પ્રતિફળ જોવા મળે છે ત્યારે મનોબળ તોડવા માટે વિરોધિઓ દ્વારા ઉપહાસ કરવાનો ક્રમ ચાલે છે. તેમાં વાત વધુ આગળ વધે તો અનીતિ પર સીધો પ્રહાર થતાં ચરિત્ર હનન જેવા પરોક્ષ અથવા બદલો લેવા માટે સીધા આક્રમણો પણ થવા લાગે છે, આને અગ્નિ પરીક્ષા સમજવી જોઈએ. સાહસ અને ઉત્સાહમાં કમી આવતી જોઈને લાંબેગાળે પોતાની દુર્બળતા કે પરાજય સ્વીકારવો જોઈએ નહીં. સાથીઓના છૂટવા કે તૂટવાથી પણ એકલા ચાલતા રહી ધીર-વીર, ગંભીર સ્તરની બલિષ્ઠતાનો પરિચય આપવો જોઈએ. અંતે સત્યની જીત થાય છે. એક દિવસે એ પણ આવે છે જ્યારે સત્ય-નિષ્ઠાની સાથે વિરોધી પણ નતમસ્તક થઈ જાય છે. નિંદાના સ્થાન પર પ્રશંસા કરવા અને વિરોધ છોડી સહયોગ કરવા લાગે છે.

### આગળ ચાલવાનું સાહસ વધારો

બીજા આગળ ચાલે, ત્યારે અમે અનુકરણ કરીશું-એ પ્રતિક્ષામાં બેસી રહેવાવાળાઓ માટે એવો સુયોગ કદાચ ક્યારેક જ આવે છે. જે કારણ હેય માર્ગ પર ચાલનારા મોટે ભાગે પોતાના કુસંસ્કારોને દૃઢતાપૂર્વક લાંબા સમય સુધી અપનાવતા જોવા મળે છે. આદર્શવાદિઓ-નો ઉત્સાહ થોડા સમય સુધી ટકે છે, કારણ કે આવા લોકોને ન તો સાચા મનથી માર્ગદર્શન આપનાર મળે છે કે ન તો આવા લોકોનું બહુમત જોવા મળે છે,કે જેની સાથે કદમથી કદમ મેળવી ચાલે. સ્વયંના આત્મબળના અભાવમાં મોટે ભાગે લોકો બીજાનો સહારો શોધે છે. આવી દશામાં જેને સજ્જનોનું સંગઠન થતું જોવું છે, તેને એ કાર્યમાં સ્વયં જ દૃઢતાપૂર્વક આગળ ચાલી પોતાના સાહસનો વિકાસ કરવો પડે છે. આ કાર્ય અન્યને ન સોંપતાં ભાવનાશીલોએ સ્વયં પોતાના ખભે ઉપાડી લેવું જોઈએ.

ચુંબક પોતાની સામર્થ્ય બનાવી રાખે છે. તે પોતાની આજુબાજુ વિખરાયેલા નાના નાના કણોને ભેગા કરવામાં સતત લાગી રહે છે. મધપૂડામાં રહેલી રાની માખી માખીઓ પોતાના સમુદાયો વધારવા-બનાવવા અનુશાસન પાળવા માટે પ્રશિક્ષિત કરતી રહે છે. સજ્જનોનું સંગઠન બનાવવા ઈચ્છતા લોકોએ પણ આ જ રીતિ-નીતિ અપનાવવી જોઈએ.

## નવી દિશાઓ

**શાંતિકુંજે અદિતિ ભવનના ધાબા પર એક વિશાળ સૌર ઉર્જા યંત્ર લગાવીને અહીંના વિશાળ ભોજનાલયમાં ભોજન બનાવવાનો ક્રમ એનાથી આરંભ કરી દીધો છે. એ ઉત્તરાખંડમાં સૌર ઉર્જાના ઉપયોગનો વિશાળ સ્તર પર પ્રથમ પ્રયોગ છે. આ નવી પહેલને મીડિયાએ પણ આશાપૂર્ણ નજરથી જોયો અને વખાણ્યો.**

(વિસ્તૃત સમાચાર પાના નંબર-૧૦ પર જુઓ)



**દુઃખ ઈશ્વરનું એ વરદાન છે, જેનાથી આપણે સાવચેત થઈને જીવનની શક્તિઓને ઉપયોગમાં લાવીએ છીએ**

# નવા પડકારોનો સામનો કરવા, વ્યક્તિત્વની ઉચ્ચસ્તરીય કસોટીઓ પર ખરા ઉતરો

# તપઃપૂત પ્રશિક્ષણ સત્રો માટે નૈષ્ઠિક પુરુષાર્થ કરો




**પાક્ષિકના ૭ મેના અંકમાં અખંડ જ્યોતિની 'અપનો સે અપની વાત'નો ઉલ્લેખ કરતાં યુગઋષિની જન્મશતાબ્દીનું પ્રયાજ વર્ષ (સન્-૨૦૧૦-૧૧) માટે બે પ્રયાસ કરવાની વાત કહેવામાં આવી હતી. ૧.-વ્યાપક વિસ્તાર માટે યુગ નિર્માણ સંમેલનો તથા આંદોલન દીપયજ્ઞોની શ્રૃંખલાઓ ચલાવવી તથા ૨.યુગ સૈનિકોની ગુણવત્તા, કુશળતા, તેજસ્વીતા વધારવા માટે તપઃપૂત પ્રશિક્ષણનો ક્રમ કેન્દ્રીય તથા ક્ષેત્રીય સ્તર પર ચલાવવો. છેલ્લા બે અંકોમાં પહેલા કાર્યના સંબંધમાં વિસ્તાર પરક પ્રકાશ ફેંકવામાં આવી ચુક્યો છે. આ અંકમાં બીજા કાર્યક્રમ 'તપઃપૂત પ્રશિક્ષણ'ના સંબંધમાં ચર્ચા કરવામાં આવી રહી છે.**

### તપઃપૂત નિખરે

યુગઋષિને તેમની જન્મ શતાબ્દી પર જે ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરવાની છે, તેમાં તપસ્વી સ્તરના સર્જનશિલ્પીઓ, સર્જન સૈનિકો, તપઃપૂતોની પ્રમુખ ભૂમિકા રહેશે. પરમ પૂજ્ય ગુરુદેવે સૂક્ષ્મીકરણ સાધના દરમ્યાન લખેલા એક વિશેષ પત્રક ''પોતાના અંગઅવયવો''માં તે તથ્ય વારંવાર દોહરાવ્યા છે. જેની પર ધ્યાન આપશોઃ-

પહેલા ફકરામાં લખ્યું છે-''કરવા (યોજનાને મૂર્ત રૂપ આપવા)ની જવાબદારી તમારી છે, અમારા નૈષ્ઠિક કાર્યકર્તાઓની છે.''

ચોથા ફકરામાં લખ્યું છે-''આ યોજનાને અનેક વાર વાંચો. એ દૃષ્ટિએ એમાં સૌથી મોટો ફાળો તેમનો હશે, જે આ દિવસોમાં અમારી કાયાના અંગઅવયવ બનીને રહી રહ્યા છે.''

યુગ નિર્માણની ઈશ્વરીય યોજનાને જન-જન સુધી પહોંચાડવા તથા દરેક ક્ષેત્રમાં કાર્યરત પ્રતિભા સંપન્નોને તેમાં પોતાની સક્રિય ભાગીદારી માટે પ્રેરિત-પ્રોત્સાહિત કરવાની જવાબદારી સોંપવાની સાથે તેઓ પોતાની એ હાર્દિક આકાંક્ષા વ્યક્ત કરે છે કે આ મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં કોઈ પાછળ ન રહી જાય.

છઠ્ઠા ફકરાના અંતે તેઓ લખે છે-''પોતાના કતૃત્વમાં કોઈપણ અભિન્ન સહચર પાછળ ન રહી જાય.'' નવમા ફકરામાં તેઓ આને આપણા દરેકની **અગ્નિ પરીક્ષા** કહે છે. ૧૨ મા ફકરાના અંતે તેઓ લખે છે-''તમારામાંથી કોઈ પણ આ વિષમ વેળામાં પાછળ ન રહી જાય, જેના માટે પાછળથી પસ્તાવવું પડે.''

સ્પષ્ટ છે કે આગામી મોરચો વધુ કઠિન છે. તેને સફળ બનાવવા માટે પાછળના કાર્યોને સફળ બનાવનારી ગુણવત્તા, કુશળતા પર્યાપ્ત નથી. એના માટે આપણામાંથી દરેકે પહેલાં કરતાં વધારે શ્રેષ્ઠતર બનવાની તપઃસાધના કરવી પડશે. જો પાછલા કાર્યોને પૂરા કરવામાં કોઈપણ રૂપે અહંકાર છુપાઈને બેઠો છે તો તે આગલા ચરણ માટે જરૂરી પવિત્રતા અને પ્રખરતા પ્રાપ્ત કરવાની સાધનામાં બાધક બનશે.

**તપઃ પૂત**નો અર્થ છે-'જેનું અંતઃકરણ તપ સાધના દ્વારા પહેલાં કરતા વધારે પવિત્ર થઈ ગયું છે. અનગઢ સમાજના અનગઢ વાતાવરણના પ્રભાવથી તમામ મનોવિકાર ધૂળની જેમ આપણા વ્યક્તિત્વ પર ચઢી જાય છે. પ્રશિક્ષણ એક પ્રકારની રંગાઈ છે. રંગ એ કપડા પર નિખરે છે,જે રંગાય પહેલાં સફાઈની તપ સાધનાને ખુશી સાથે સહન કરે છે. એટલા માટે યુગઋષિ દ્વારા નિર્દેશિત આગામી ચરણના કાર્યોને પૂરા કરવા માટે તપઃપૂતોના પ્રશિક્ષણની વાત કરવામાં આવી રહી છે. યુગઋષિ કેન્દ્રથી લઈને ક્ષેત્રના નૈષ્ઠિક પરિજનો પાસે એ અપેક્ષા રાખે છે કે તેઓ 'તપઃપૂત' ના રૂપે બહાર આવે. આત્મસમીક્ષા અને આત્મશોધનની સાધના દ્વારા એમનામાં પવિત્રતા ઉભરે તથા આત્મનિર્માણ તથા આત્મ વિકાસની સાધના દ્વારા તેમની પ્રખરતા, તેજસ્વીતા નિખરે.

### પ્રશિક્ષણના બે પક્ષ

**આ પ્રશિક્ષણના બે પાસા છેઃ-**

૧. યુગ નિર્માણના અગ્રદૂતની ભૂમિકા નિભાવવા યોગ્ય વ્યક્તિત્વ પરિષ્કાર અને વિકાસ. ગુરુદેવે 'પોતાના અંગઅવયવથી' નામક પત્રકના અંતિમ ફકરામાં લખ્યું છેઃ-

''ઊંચા કામ સદા ઊંચા વ્યક્તિત્વ કરે છે. કોઈ લંબાઈથી ઊંચા નથી હોતા. શ્રમ, મનોયોગ, ત્યાગ અને નિરંહકારીતા જ કોઈને ઊંચા બનાવે છે. આગામી કાર્યક્રમો ઉંચા છે. તમારી ઉંચાઈ એનાથી ઓછી ન પડે.''

કંઈક કરવાની ઈચ્છા હોવી તથા કરવાની ક્ષમતા અને કૌશલ હોવું એ બન્ને અલગ વાત છે. બન્નેના સંયોગથી જ કાર્યમાં સિદ્ધિ મળે છે. બાળકોમાં નવું કરવાનો તો ઉત્સાહ ઘણો હોય છે, પરંતુ તે તેને ત્યારે જ કરી શકે છે,જ્યારે એમનું શરીર-મન વગેરે તેને અનુરૂપ વિકસિત થાય છે. યુગઋષિ સાથે આત્મીય સ્તર પર જોડાયેલા દરેક સાધક-સાધિકાઓ મનમાં કંઈક વિશેષ કરવાનું મન તો થાય છે, પરંતુ તેને કરવાનું ત્યારે જ સંભવ થશે, જ્યારે વ્યક્તિત્વનું સ્તર પહેલાં કરતાં ઊંચુ ઉઠે. એટલા માટે જ તપઃપૂત પ્રશિક્ષણના ક્રમમાં આ પક્ષને અનિવાર્ય પ્રાથમિકતા આપવામાં આવી છે.

૨. બીજું પાસુઃ-યુગ નિર્માણના સાર્વભૌમિક સૂત્રોને સમાજના વિશિષ્ટ વર્ગો સુધી એ કુશળતા સાથે પહોંચાડવામાં આવે કે એ સૂત્ર તેમને પોતાના માટે ઉપયોગી અને અનિવાર્ય લાગવા લાગે. સર્જન સૈનિકોમાં આ કુશળતા વિકસિત કરવી પડશે. આ કુશળતા વાળા વ્યક્તિઓને યુગ પ્રવક્તા પણ કહી શકાય છે.

એક રીતે જોવામાં આવે તો આ બીજો પક્ષ એક પ્રકારે પ્રચારાત્મક ચરણનું જ અંગ દેખાય છે, પરંતુ આના માટે પણ પ્રચારના પહેલાવાળા ચરણની કુળશતા અને અનુભવ પર્યાપ્ત નથી. યુગ પરિવર્તન છે તો બધા માટે. યુગઋષિના સૂત્રો પણ સર્વોપયોગી અને સાર્વભૌમ છે. પરંતુ તેને વિભિન્ન સામાજિક, સામ્પ્રદાયિક, વૈચારિક સંગઠનોના અનુયાયિઓના ગળે ઉતારવા માટે વ્યક્તિત્વ તેમજ વાણીમાં વિશેષ તેજસ્વીતા તેમજ ઓજની જરૂર પડશે. તપઃ પૂત અગ્રદૂતોએ તેને પોતાની અંદર જાગૃત અને સમાયોજન કરવા પડશે. આ બંન્ને વિશેષતાઓને પોતાની અંદર જેટલી જલદી જાગૃત અને વિકસિત કરી શકાય એટલા જ જલદી પ્રયાજ કાર્યક્રમોને પ્રાણવાન બનાવવા સંભવ થશે.

### શાંતિકુંજમાં થઈ શરૂઆત

- શાંતિકુંજના કાર્યકર્તાઓ માટે પહેલા પ્રકારના પ્રશિક્ષણનો શુભારંભ થઈ ગયો છે. કાર્યકર્તાઓ પોતાના નક્કી કરેલા કાર્યો પૂરા કરી એમાં અનિવાર્ય રૂપે જોડાઈ શકે તે માટે સાંજે ૬ થી ૮નો સમય રાખવામાં આવ્યો છે.
- દરેક પ્રતિભાગી ૬ વાગ્યા પહેલાં ક્લાસમાં પહોંચી જાય છે. સાંજની નાદયોગ સાધના પણ સાથે જ કરે છે. આનાથી મનોમાં સમસ્વરતાના સંસ્કાર ઉભરે છે. નાદયોગ પછી ડફલી પર એક નાનુ ભજન ગાઈને વર્ગનો આરંભ કરવામાં આવે છે.
- આ વર્ગ માટે નિર્ધારિત પાઠ્યક્રમ આ પ્રકારે છેઃ- **૧.** પોતાના અંગઅવયવોથી નામક પત્રિકાના ૧૨ ફકરા. **૨.** યુગ નિર્માણ સત્સંકલ્પના ૧૮ ફકરા. **3.** લોકસેવીઓનો દિશાબોધ નામની પુસ્તકમાંથી નક્કી કરેલા અધ્યાય. **૪.** દીક્ષિત-નૈષ્ઠિત પરિજન અર્પિત કરે સાર્થક શ્રદ્ધાંજલિ (પૉકેટ બુક) ૫. 'યુગઋષિ તેમજ એમની યોજના' સમજી-સમજાવી લાભ ઉઠાવો (પૉકેટ બુક).
- આ વર્ગની શૈલી પ્રવચન-ઉદ્‌બોધન પરક ન રાખતા સમીક્ષાત્મક પરિચર્ચા પરક રાખવામાં આવી છે. નક્કી કરેલા પ્રસ્તુતકર્તા ભાઈ કે બહેન નક્કી કરેલા વિષયને ૧૦-૧૫ મિનિટમાં પ્રસ્તુત કરે છે. ત્યારબાદ એ વિષયની સમીક્ષાત્મક ચર્ચા, વિચાર મંથનનો ક્રમ ચલાવવામાં આવે છે. એટલા માટે દરેક વર્ગમાં ભાઈ-બહેનોની સંખ્યા ૪૦ થી વધારે રાખવામાં આવી નથી.
- દરરોજ ૪૦-૪૫ મિનિટના બે વર્ગોમાં નક્કી કરેલા પાઠ્યક્રમમાં બે વિષયો પર ક્રમશઃ ચર્ચા કરવામાં આવે છે. પારિવારિક અનુશાસનની સાથે નાના-મોટા, વરિષ્ઠ-કનિષ્ઠનું અંતર ન રાખતા દરેક પ્રતિભાગી સહજભાવે વર્ગમાં ભાગીદારી નિભાવે છે.

સમીક્ષાત્મક ચર્ચામાં એ મર્યાદા રાખવામાં આવી છે કે કોઈ પણ પ્રકારની વ્યક્તિગત આલોચના અથવા ટીકા-ટિપ્પણી કરવામાં ન આવે. ગુરુદેવના નિર્દેશોના પ્રકાશમાં આપણે આપના વ્યક્તિગત તેમજ સામૂહિક જીવનમાં પ્રગતિ લાવી શકીએ છીએ. આ બિંદુની આસપાસ ચર્ચા સમીક્ષાનો ક્રમ ચાલે છે.

આ વર્ગના ઘણા જ સકારાત્મક, સાર્થક તથા ઉત્સાહ વર્ધક પરિણામ સામે આવી રહ્યા છે. આશ્રમના વાતાવરણને વધારે અનુશાસિત, વધારે આત્મીયતા પરક તથા વધારે પ્રેરક બનાવવાના સંકલ્પો ઉભર્યા છે.

દરેક પ્રતિભાગી ભાઈ-બહેનોએ એ અનુભવ કર્યો કે આ ક્રમમાં ગુરુદેવનો પ્રાણ પ્રેરણા પ્રવાહ સ્પષ્ટ રૂપે ઉપલબ્ધ થઈ રહ્યો છે. જો આ ક્રમ નિયમિત ચાલતો રહ્યો, તો અનેક દુર્લભ કાર્ય સુલભ થતા જોવા મળશે.

### આગામી ચરણની તૈયારી

કેન્દ્રીય કાર્યકર્તાઓની આ સત્ર શૃંખલા પૂરી થતાં જ ક્ષેત્રીય સ્તરના કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ શરૂ કરવામાં આવશે. તેમાં બે પ્રકારની રૂપરેખા સામેલ કરવામાં આવશે. તેમના વર્ગો સવારથી સાંજ સુધી ચાલશે. તેથી આ લગભગ ત્રણ દિવસના સત્રો રહેશે. સત્રો માટે ક્ષેત્રના એવા પરિજનોની પસંદગી કરવામાં આવશે. જે કેન્દ્રીય પ્રશિક્ષણ કર્યા બાદ ક્ષેત્રીય પ્રશિક્ષણ ચલાવી શકશે. સમય રહેતાં પસંદ કરેલા પ્રતિભાગીઓ સુધી કાર્યક્રમની તારીખો તથા રૂપરેખા પત્ર દ્વારા મોકલી આપવામાં આવશે.

પ્રશિક્ષણની જે રૂપરેખા રાખવામાં આવી છે, તે પ્રમાણે આ સત્રોમાં પણ પ્રતિભાગીઓની સંખ્યા સીમિત રાખવામાં આવશે. એટલા માટે ફક્ત કેન્દ્રીય પ્રશિક્ષણ દ્વારા જ વિશાળ સંખ્યામાં મોટી સંખ્યામાં બહાર આવનારા તપઃપૂતોનું પ્રશિક્ષણ કરવું સંભવ નહીં બને. એ માટે ક્ષેત્રીય સ્તર પર પણ પ્રાણવાન પ્રશિક્ષકોની વ્યવસ્થા બનાવવી પડશે. એને ક્ષેત્રીય તેમજ કેન્દ્રીય પ્રતિનિધિ સાથે મળીને સફળ બનાવશે.

આપણને આપણી સમર્થ ગુરુસત્તા પર પૂરો ભરોસો છે. એમની કૃપાથી મૂંગા વક્તા બને છે તથા અપંગ પણ અસાધારણ પુરુષાર્થ કરી દેખાડે છે. જેમણે ક્ષેત્રોમાં અશ્વમેધોને સફળ બનાવ્યા, જેમની કૃપાથી ક્ષેત્રીય પ્રશિક્ષિત ટોળીઓ દ્વારા એક સત્રમાં ૩૦,૦૦૦ કરતાં પણ વધારે સફળ યજ્ઞીય આયોજનો થઈ શક્યા. તેમની જ કૃપાથી આ પ્રયાજ સત્રોના ચમત્કારી પરિણામો સામે આવશે.

**તૈયારી કરોઃ-**ક્ષેત્રમાં નૈષ્ઠિક પરિજનો નાના-મોટા સ્તર પર આ પ્રકારની આત્મસમીક્ષા પરક વર્ગોનો પૂર્વાભ્યાસ શરૂ કરી દે તો ખૂબ જ સારુ રહેશે. આ લેખમાં પાઠ્યક્રમથી સંબંધિત પત્રકો તથા પુસ્તિકાઓનો ઉલ્લેખ થઈ ચુક્યો છે. એનો ગંભીર સ્વાધ્યાય વ્યક્તિગત સ્તર પર તો કરે જ. જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી એક-એક કલાક અથવા રજાના દિવસ અમુક કલાકના વર્ગો પ્રારંભ કરી શકાય છે. જે પરિજનો આ પ્રકારે તૈયારી કરશે, તેમને મોકો મળતાં કેન્દ્રીય તથા ક્ષેત્રીય પ્રશિક્ષણ સત્રોનો વિશેષ લાભ મળશે. તેઓ આગામી ચરણના કાર્યક્રમોમાં આગળ પડતી પ્રામાણિક, અનુશાસિત ભૂમિકા નિભાવી શકશે.

યુગ પ્રવક્તા પ્રશિક્ષણની તૈયારી કરનારા માટે 'યુગઋષિ અને તેમની યોજના....' પુસ્તિકા તથા ક્રાંતિધર્મી સાહિત્યમાંથી પોતાની રૂચિ પ્રમાણેની પુસ્તકોના આધાર પર પ્રવચન તૈયાર કરવાના પ્રયાસો શરૂ કરી દે. તેના આધારે પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરી શકાય છે.

## કાર્યકર્તા પ્રશિક્ષણ

**યુગ નિર્માણ અભિયાનના ઉમટેલા આ પ્રવાહને સંભાળવા અને તેને દિશા આપવી પોતાનામાં એક મોટું કામ છે. લોક નેતૃત્વ એક જટિલ કળા છે. એમાં નિર્જીવ મશીનોથી નહીં, પરંતુ સજીવ મનુષ્યોથી પાલો પડે છે અને વિરોધીને પણ સહયોગી બનાવવા, મૂર્છિતને ગતિવાન હનુમાન બનાવવાનું કાર્ય પૂરૂ કરવું પડે છે. સાધનોની જ્યાં કોઈ વ્યવસ્થા નથી, ત્યાં તેને ઉપલબ્ધ કરાવીને કંઈકથી કંઈ કરી દેખાડવાનો ચમત્કાર કરવો પડે છે. લોક નેતૃત્વ કરી શકનારા સુયોગ્ય વ્યક્તિ આપણે આજે જ તૈયાર કરવા જોઈએ, જેથી કાલની આવશ્યકતાઓને બરાબર રીતે પૂરી કરી શકાય.**

**આ કાર્ય ઘણા સમય પહેલાં જ આરંભ થવું જોઈતું હતું, પરંત હવે તો એ આવશ્યકતાની પૂર્તિ અનિવાર્ય થઈ ગઈ છે. સંગઠનની આવશ્યકતા અને ગતિવિધિઓ તીવ્ર આંધી અને તોફાનની જેમ વધી રહી છે. પ્રવાહ અને તોફાન તો કોઈ દિવ્ય શક્તિ લાવી રહેલ છે. એની ચિન્તા નથી કરવાની. ચિન્તા માત્ર એટલી કરવાની છે કે વિશ્વ ઈતિહાસના સૌથી મહત્ત્વપૂર્ણ અભિયાનને સંભાળી વ્યવસ્થિત અને નિયંત્રિત કરવી જે પ્રકારે સંભવ હશે, એનો પ્રબંધ કરવો જોઈએ. અભિયાનની આજ સૌથી મોટી આવશ્યકતા છે-સુયોગ્ય અને પ્રશિક્ષિત, અનુભવી અને કુશળ લોકનેતાઓની, જે આ અભિયાનને મહામત્ત ગજરાજને સાચી દિશામાં ચલાવવાની ભૂમિકા કુશળતા પૂર્વક નિભાવી શકે. નહીં તો તે અવ્યવસ્થિત અને અનિયંત્રિત થઈને અવાંછનીય દિશામાં ફૂટી શકે છે.-અમારી યુગ નિર્માણ યોજના-પા. નં-૯૭**

**મુશ્કેલીઓ મનુષ્યના પુરુષાર્થને જગાડવા અને વધારે સાવધાનીની સાથે આગળ વધવાની ચેતવણી આપવા આવે છે.**

# આદર્શ ગ્રામની તરફ

**બુરહાનપુર (મ.પ્ર.)**

મધ્યપ્રદેશમાં આદર્શ ગ્રામ નિર્માણની સુનિશ્ચિત કાર્યયોજના અંતર્ગત તા-૪ એપ્રિલે બુરહાનપુર જિલ્લાના દેવહારી ગામમાં સમગ્ર જનજાગરણ અભિયાન ચલાવવામાં આવ્યું. જિલ્લા યુવા પ્રકોષ્ઠના પ્રભારી શ્રી રાજેશ કાસ્ડેકરના માર્ગદર્શન હેઠળ ચાલતા અભિયાનમાં પૂરેપૂરા ગામની સફાઈ કરવામાં આવી. સાથે સાથે ગ્રામજનોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. શ્રી કૃષ્ણાજી અને શ્રી ઈશ્વરભાઈએ પૂરા ગામમાં ઓઈલ પેન્ટથી સદ્વાક્યો લખ્યા.



**દેવહારી ગામની સભાને સંબોધિત કરી રહેલ બુરહાનપુરના પરિવ્રાજક**

ગામમાં બાળ સંસ્કાર શાળાની શરૂઆત કરવામાં સફળતા મળી. સાંજની એક કલાકની ગોષ્ઠિમાં શ્રી સંતોષ મોડેકરે ઉત્સાહી નવયુવકોને દર ગુરુવારે બાળ સંસ્કાર શાળા ચલાવવાનો સંકલ્પ લેવડાવ્યો અને તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું.

'આદર્શ ગ્રામ બનાવવામાં યુવકોની ભૂમિકા' વિષય પર ગોષ્ઠિ થઈ. એમાં યુગ નિર્માણ આંદોલનમાં નૈષ્ઠિક ભાગીદારી માટે સહમત યુવાનોનું યુવા મંડળ બનાવવામાં આવ્યું. પ્રાંતિય પ્રતિનિધિ શ્રી મેવાલાલ પાટીદારે મુખ્ય પ્રેરણા આપી. પરિણામ સ્વરૂપ આ યુવા મંડળે ગ્રામની નજીક ચાર એકર ટેકરીને પિતૃ પર્વત રૂપે વિકસિત કરી. આ વર્ષા ઋતુમાં ૧૦૦૮ વૃક્ષ રોપવાનો સંકલ્પ લીધો. ગામના સરપંચશ્રી યાદવે આ નવનિર્મિત ભૂભાગને વનશ્રી સમિતિને આપવાની વિધિવત જાહેરાત કરી. બીજા જ દિવસથી (ફેસીંગ) હદ બાંધવાનું કામ શરૂ થયું. જુલાઈમાં તરૂપુત્ર મહાયજ્ઞ સાથે ટેકરી પર વૃક્ષો રોપવામાં આવશે.

યુવા પ્રકોષ્ઠ બુરહાનપુરે ગયા વર્ષે આ જ પ્રમાણે ગ્રામ્ય વિકાસ અભિયાન સારોલા ગામમાં ચલાવ્યું હતું. જેમાં ખૂબ જ સફળતા મળી હતી. ત્યાં રોપવામાં આવેલ ૧૦૦૮ છોડ સારી રીતે વિક્સી રહ્યા છે.



**ગોદલી ટેકરી પર આરંભ થયેલ કાર્ય**

સાંજના સમયે દીપ મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં ભાગ લઈ રહેલ યુવાનોને તરૂપુત્ર મહાયજ્ઞમાં પાંચ પાંચ વૃક્ષ લગાવવા તથા પોતાના ઘરોમાં પાકા સંડાશ બનાવવાના સંકલ્પ લેવડાવ્યા. ✸

# ઉનાળું વેકેશનમાં સ્વાવલંબન પ્રશિક્ષણનો વિસ્તાર

**રાજનાંદગામ (છત્તીસગઢ)**

ગાયત્રી શક્તિપીઠ રાજનાંદ ગામમાં ચાલતા સ્વાવલંબન કેન્દ્રો ઉપર ૨ એપ્રિલથી વિદ્યાર્થીઓ અને બહેનો માટે 'સ્પોકન ઈગ્લિંશ' ના નિ:શુલ્ક વર્ગો શરૂ થયા. ઉપરાંત ગરીબોને સ્વાવલંબી બનાવવાની દૃષ્ટિથી સ્વાવ-લંબન કાર્યશાળામાં અનેકાનેક કાર્યો જરૂરતમંદોને શિખવા-ડવામાં આવી રહ્યા છે. મહેંદી મુકવી, ગ્લાસ પેન્ટિંગ, ફેબ્રીક પેન્ટિંગ, કોર્ન પેન્ટિંગ, સિરામિક વર્ક, સાડી પેન્ટિંગ, ફલાવર મેકિંગ, ગ્રીટીંગ કાર્ડ, જ્વેલરી મેકીંગ વગેરે અનેક કામ ઉનાળુ વેકેશનમાં વિશેષ પ્રશિક્ષણ શિબિરમાં નામ માત્રની સહયોગ રકમ લઈને શિખવવામાં આવે છે.



**સ્વાવલંબન કેન્દ્ર પર સિલાઈ શીખી રહેલ બહેનો**

ગાયત્રી શક્તિપીઠ રાજનાંદ ગામમાં વર્ષભર સ્વાવલંબન પ્રશિક્ષણનું કાર્ય ચાલે છે. તેમાં સિલાઈ, વણાટકામ, પેન્ટિંગ વગેરેના વર્ગો ચાલે છે. વિકલાંગ અને ગરીબી રેખા નીચે જીવન પસાર કરનાર લોકોને નિ:શુલ્ક કોમ્પ્યૂટર પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ રીતે ઉનાળું વેકેશનમાં સ્વાવલંબન પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ✸

# પુસ્તક મેળાઓમાં જ્ઞાન જ નહીં અધ્યાત્મની નવી ઓળખ મળી રહી છે

## એક જ નગરમાં ત્રણ પુસ્તક મેળા

**સંત રવિદાસ નગર, ભદોહી (ઉ.પ્ર.)**

સંત રવિદાસ નગર શાખાને વારાણસી ઉપઝોનના સહયોગથી ત્રણ સ્થળે (૧) રાજેન્સી હોટલ-ભદોહી (૨) જુના કાર્યાલય-જ્ઞાનપુર (૩) ટી.એસ.કે.કંપની ખમરિયા-ચાર ચાર દિવસના પુસ્તક મેળાઓ લગાવ્યા. શ્રી રમાશંકર દ્વિવેદી અને શ્રી નગીના કુમાર યાદવે પૂર્ણ સમયદાનીના રૂપમાં ત્રણે પુસ્તક મેળાની જવાબદારી પોતાના ઉપર લીધી.

અર્જુન પટ્ટી આશ્રમના મહંત શ્રી લક્ષ્મણાનંદ અને એસ.ડી.એમ.શ્રી ઓમપ્રકાશ ચૌબેએ ભદોહી પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કર્યું. 'અપરાધ પર નિયંત્રણ-ધર્મ અને અધ્યાત્મથી' વિષય પર ગોષ્ઠિ થઈ. એકમાના માનદ સચિવ અબ્દુલ હાદી અંસારી, અધ્યક્ષ શ્રી રવિ પટોદિયા, નાયબ તાલુકા વિકાસ અધિકારી શ્રી ચંદ્ર પ્રકાશ પ્રિયદર્શીએ વિચાર શુદ્ધિ અપરાધ પર નિયંત્રણનો આધાર બતાવ્યો.




જુના કાર્યાલય જ્ઞાનપુર મેળામાં જિલ્લા જજ શ્રી યતીશ ચંદ્ર, પૂર્વ સાંસદ શ્રી રામરતી બિન્દ, તુલસી પીઠાધ્યક્ષ, વિન્ધ્યવાસીની ત્રિપાઠી, મુખ્ય વિકાસ અધિકારી શ્રી એમ.પી.સિંહ અને નગર પંચાયત અધ્યક્ષા વિદ્યા દેવીએ પુસ્તક મેળાના વખાણ કર્યા અને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો. સમાપન ડૉ.વેદપતિ મિશ્રની પ્રેરણાઓથી થયું.

ટી.એસ.કે.કંપની ખમરિયામાં સાત શાળાઓના 3000 વિદ્યાર્થીઓ અને ૬૦ શિક્ષકોએ લાભ ઉઠાવ્યો. નગર અધ્યક્ષ શ્રી રામધની મૌર્યની પ્રેરણાથી નગરના યુવાનો, ધંધાર્થીઓ તથા મહિલાઓએ ઉત્સાહથી ભાગ લીધો. ડૉ.અબ્દુલ હક, ડૉ.રાજારામ મૌર્ય વગેરેનું પ્રશંસનીય યોગદાન રહ્યું. ✸

## સાહસી બહેનોને મળી શાનદાર સફળતા

**મુંગેર (બિહાર)**

તા-૫ માર્ચ થી તા-૧૫ માર્ચ સુધી મુંગેરમાં લગાવવામાં આવેલ પુસ્તક મેળાનું આયોજન ત્યાંની કર્મઠ બહેનોએ કર્યું હતું. એમાં પ્રદર્શિત યુગ સાહિત્યના દર્શન કરી શ્રી અબ્દુલ્લા બુખારીએ પરમ પૂજ્ય ગુરુદેવને સુક્ષ્મ અવતાર બતાવ્યો. તો ઈસાઈ પાદરીએ તેઓ (ગુરુ- દેવ)ને સમયની સમસ્યાઓના સમાધાન માટે ઈશ્વરના સંદેશવાહક કહ્યા. કેટલાક મહાનુભાવોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે ગાયત્રી પરિવારના પરિજનો આટલા બધા દિવસોથી પોતાની મૂળ સંપદાને કેમ છુપાવી બેઠા હતા?




પુસ્તક મેળામાં ગુરુદેવ દ્વારા લિખિત આર્ષગ્રંથો, સ્વાસ્થ્ય તથા બાળ નિર્માણના પુસ્તકોની સર્વાધિક માંગ રહી. ચાર લાખ રૂપિયાથી વધારે સાહિત્ય નું વેચાણ થયું. દશ શાળાઓમાં રૂા.૧૦૦૦ થી ૫૦૦૦ રૂા. સુધીના પુસ્તકો ખરીદ્યા. પુસ્તક મેળાનું સંચાલન શ્રીમતી શાંતિદેવી તથા એમના સાથી-સહયોગી બહેનોએ કર્યું. ✸

## પ્રચાર પ્રસારનો પ્રશંસનીય પ્રયાસ

**ગોંદિયા (મહારાષ્ટ્ર)**

શહેરના બજાજી સભાગૃહ શારદા પુસ્તકાલયમાં તા-૨૩ થી ૩૧ જાન્યુઆરીના દિવસોમાં આયોજિત પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જે તમામ વર્ગોમાં લોકપ્રિય રહ્યો. આયોજકોએ એમાં મરાઠી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દુ ભાષામાં સાહિત્ય મુક્યું હતું.




આ પુસ્તક મેળામાં યુગ સાહિત્યની લોકપ્રિયતા વધારવા માટે પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. પહેલા દિવસે કળશ અને આર્ષગ્રંથોની શોભાયાત્રા કાઢવામાં આવી. પરિજનોએ પોતાના ખભા પર કપડાના હેંગર લટકાવ્યા. કેટલાક લોકોએ પ્લાસ્ટિક પ્રદર્શનિઓ પોતાના પેટ અને પીઠ પર લગાવી હતી.

પુસ્તક મેળાનું ઉદ્દ્ઘાટન ધારાસભ્ય શ્રી ગોપાલદાસ અગ્રવાલ અને શહેર અધ્યક્ષ સૌ.આશાતાઈ પાટીલ, શ્રી રાજેન્દ્ર જૈને(વિદ્યાન પરિષદ સદસ્ય) કર્યું. ભંતે બુદ્ધિમૂર્તિ અને જ્ઞાનજીએ આશીર્વચનોમાં ગ્રંથો અને સ્વાધ્યાયને જ્ઞાનનું ઉદ્ગમ કેન્દ્ર બતાવતા કહ્યું-પુસ્તક મેળાનું આયોજન પરોપકાર તથા જનહિતકારક છે. મેળામાં વિશિષ્ટ વિભૂતિઓનું (વિદ્વાનો) આવન જાવન સતત રહ્યું. સેંકડો અધિકારીઓ, લોક-પ્રતિનિધિ અને વિવિધ વર્ગના પ્રમુખશ્રીએ આવીને યુગઋષિના સાહિત્યનો પ્રસાદ ખરીદ્યો. શહેરની શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ સહિત આચાર્યશ્રીઓ, શિક્ષકો પુસ્તક મેળામાં પહોંચ્યા. કુલ પોણા ત્રણ લાખ રૂપિયાનું સાહિત્ય વેચાયું. ✸

# નર્મદા તટની સફાઈ

## જળ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારી

**કન્નૌદ-દેવાસ (મ.પ્ર.)**

ગાયત્રી શક્તિપીઠ કન્નૌદ અને ખાતેગામના પરિજનોએ નર્મદાંચલ શુદ્ધિ અભિયાનમાં પોતાની ભાવભરી આહુતિઓ સમર્પિત કરતા કરતાં તા-૭ માર્ચના દિવસે સિદ્ધેશ્વર ઘાટની સફાઈ કરી. ચાર કલાક ચાલેલા આ સફાઈ અભિયાનમાં લગભગ ૫૦ કાર્યકર્તાઓએ ભાગ લઈ જનચેતના જગાડી. ત્યારપછી ૪૦૦ શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં દીપયજ્ઞનું આયોજન થયું. એમાં નર્મદાંચલ શુદ્ધિકરણ સાથે સાથે જળ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણના સંકલ્પો થયા. શ્રી રાઠોડ, શ્રી એન. પી.સરાઠે અને શ્રી રાજેન્દ્ર શર્માએ શ્રદ્ધાળુ વ્યક્તિઓને તેમના સામાજિક કર્તવ્ય વિશે માહિતી આપી.

કન્નૌદ શાખા યુગઋષિના નવસર્જન અભિયાનના કેટલાયે મોરચાઓ ઉપર સક્રિય છે. તેઓ દ્વારા વનવાસી ગામ દાવતપુરાને આદર્શ ગ્રામ બનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ચાર બાળ સંસ્કાર શાળાઓ ચલાવવામાં આવી રહી છે. કન્નૌદ ઉપજેલમાં પરિજનો પાછલા ઘણાં વર્ષોથી સ્વાધ્યાય તેમજ સત્સંગ ચલાવી રહ્યા છે. ✸

# હિમાચલ પ્રદેશમાં પણ શરૂ થયું સફાઈ અભિયાન

**શિમલા (હિમાચલ પ્રદેશ)**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાખા શિમલાએ શતાબ્દી વર્ષના પ્રયાજ રૂપે સ્વચ્છતા આંદોલનને વેગ આપવાનો નિર્ણય લીધો છે. સ્વચ્છતા અભિયાનનો શુભારંભ વિકાસ નગરથી થયો. શ્રી વી.કે.ભટનાગરજીના નેતૃત્વમાં ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓએ વિકાસ નગરની શેરીઓ, ગલીઓ-ની સફાઈ કરી. સોસાયટીમાં રહેનારાઓનું સફાઈ અભિયાનમાં જોડાવું યુગ નિર્માણની પ્રથમ સફળતા હતી. શ્રી ભટનાગરે સામૂહિક સ્વચ્છતાના આ ક્રમ નિયમિત જાળવી રાખવા અને ગામે-ગામ આ અભિયાનનો વિસ્તાર કરવાની જાણકારી મીડિયાને આપી. ✸

**મુર્ખ વ્યક્તિ સુખ અને આરામની કલ્પના કરીને આળસને અપનાવે છે.**

# જન્મ શતાબ્દી પ્રયાજ માટે વિભિન્ન ક્ષેત્ર પરિજનોનો અનેરો ઉત્સાહ

## ૧૦૦૮ ઘરોમાં દેવસ્થાપના અને દીપયજ્ઞ

**ગાયત્રી શક્તિપીઠ ક્રાંતિકુંજ અમદાવાદ (પૂર્વ)**

ગાયત્રી શક્તિપીઠ-ક્રાંતિકુંજ અમદાવાદથી પાંચ પાંચ બહેનોની ૭ ટોળી બનાવી ૧૦૦૮ ઘરોમાં દેવસ્થાપના અને દીપયજ્ઞ કરવામાં આવ્યા અને મહોલ્લે મહોલ્લે ૧૫૧ દિપયજ્ઞોની શૃંખલા શરૂ કરવામાં આવી. યુગપુરુષની જન્મશતાબ્દી નિમિત્તે યુવામંડળ દ્વારા સ્ટીકર અભિયાન ચલાવી ૧ લાખ ઘરોમાં સ્ટીકરો સ્થાપિત કરવામાં આવ્યા.

અર્બુદા સંસ્કાર શાળા અમદાવાદમાં તેજસ્વી વિદ્યાર્થીઓને યુગ પુરુષના સાહિત્યથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમની શાળાના આચાર્યશ્રી મનુભાઈ પટેલના સહયોગથી શાળામાં ૫૦૦૦ રૂપિયાનું સાહિત્ય પુસ્તકાલયમાં સ્થાપિત કરવામાં આવ્યું. ✹

## જ્ઞાન વિસ્તાર યોજના

**ભરૂચ (ગુજરાત)**

પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દીની 'જ્ઞાન વિસ્તાર યોજના' ને સફળ બનાવવા માટે ભરૂચના ઝઘડિયા, વાલીયા, હાંસોટ, આમોદ, વાગરા, ઉત્તર તેમજ પૂર્વ ભરૂચના ૧૨૫ ગામો સુધી કાર્યકર્ત્તાઓએ ઘરે-ઘરે, જાહેર સ્થળો જેવા કે બજાર, રેલવે સ્ટેશન, બસસ્ટેન્ડ વગેરે સ્થળોએ સંપર્ક કર્યો. અહીં સંપર્ક અભિયાન અંતર્ગત સાહિત્ય સેટ, સ્ટીકર, યુગ નિર્માણ સત્સંકલ્પ, મંત્રલેખન વગેરે માટે સમજૂતી આપ્યા પછી યથાયોગ્ય વ્યક્તિ સુધી તેમની માંગને અનુરૂપ સામગ્રી પૂરી પાડવામાં આવી.

આ કાર્ય માટે કાર્યકર્ત્તા ભાઈઓ, બહેનો તેમજ સીનીયર સીટીઝન ગ્રુપને તેમની ક્ષમતા અનુસાર કાર્યની વહેંચણી કરવામાં આવી હતી. દરેકમાં ઉત્સાહ બમણો ત્યારે થયો જ્યારે જનતા તરફથી ઉત્સાહવર્ધક સકારાત્મક પ્રતિભાવો મળવા લાગ્યા. આગળ પણ આજ વેગથી શતાબ્દી સુધી કાર્ય કરવા દરેક સંકલ્પિત છે. ✹

## યુવાનો માટે પ્રેરણાપ્રદ વિવાહ સંસ્કાર

**ઓઢવ-(અમદાવાદ)દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની છાત્રા તૃપ્તિ બુહા (જૂનાગઢ) અંકલેશ્વરના સક્રિય પરિજન શ્રી મહેન્દ્રભાઈ પટેલના સુપત્ર શ્રી કુણાલ પટેલ તા-૧૬ મે-૨૦૧૦ના રોજ ઓઢવ (અમદાવાદ) દ્વારા આયોજીત સર્વજ્ઞાતિ સમુહ લગ્નમાં જોડાયા. તેમણે પોતાની પત્રિકા છપાવી તે આ પ્રમાણે છેઃ-**

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

વ્હાલા વડીલો/ સ્નેહીજનો/મિત્રો/આત્મીયજનો....

પ્રણામ,

આપ સૌ કુશળમંગળ હશો અને રહો તેવી માં ગાયત્રીને પ્રાર્થના. સહર્ષ જણાવવાનું કે માં ગાયત્રી, યુગદૃષ્ટા, વેદમૂર્તિ, તપોનિષ્ઠ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી, પરમ વંદનીય માતાજીના સૂક્ષ્મ સંરક્ષણમાં અમારા વડીલોના આશીર્વાદ અને પ્રેરણાથી અમો હું **કુણાલ મહેન્દ્રભાઈ પટેલ** (અંકલેશ્વર-જી.આઈ.ડી.સી.) અને દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની છાત્રા **સૌ.કાં.તૃપ્તિ ગોવિંદભાઈ બુહા** (જુનાગઢ) તા-૧૬-૫-૨૦૧૦ને અખાત્રીજ ના રોજ ગાયત્રી જ્ઞાન મંદિર, ઓઢવ દ્વારા આયોજીત '૧૨ મા સર્વજ્ઞાતિય સમૂહલગ્ન'માં પ્રભુતામાં પગલા પાડવા જઈ રહ્યા છીએ. આ શુભ પ્રસંગે અમો આપ સર્વના ભાવનાત્મક આશીર્વાદની અપેક્ષા રાખીએ છીએ.

આઝાદીના ૬૦ વર્ષ પછી પણ આપણા દેશના ૬૦% લોકોની રોજની આવક, ઓછામાં ઓછી નિર્ધારીત આવક રૂા. ૮૦ કરતાં પણ ઓછી છે અને ૨૦% લોકો તો દરરોજ રૂા. ૨૦/- થી પણ ઓછા કમાય છે અને ભૂખ્યા સુવાની સ્થિતિમાં રહે છે.

NoteQ Indiaís external **debt** is

$ 230 billion (૨૩૦ અબજ ડોલર)

Indiaís Public **debt** in

$ 163 billion (૧૬૩ અબજ ડોલર)

ભારતના આશરે ૧૫૦૦ અબજ ડોલર સ્વિસ બેંકોમાં પડ્યા છે.

આપણી ઘણી બધી માતાઓ/બહેનોને શરીર ઢાંકવા પૂરતા કપડાં/વસ્ત્રો પણ મળતા નથી. આવા સમયે પણ આપણે ખર્ચાળ લગ્નો, દહેજપ્રથા, વ્યસન, ફેશન, મૃત્યુભોજ દ્વારા તથા ઘણા પ્રસંગોએ સગા-સંબંધીઓને મોંઘી દાટ સોગાદો આપી પરમાત્મા તરફથી મળેલી **દૈવી સંપદાનો દુરુપયોગ કરતા હોય તેવું નથી લાગતુ?**

અમો સાદાઈથી લગ્ન કરી થયેલ બચતને સદ્કાર્યમાં વાપરવા સંકલ્પિત બન્યા છીએ. આપ સર્વને **લગ્નમાં આવવાનું આમંત્રણ ન આપી શકવાના કારણે** બચેલા સમય, ભાડા અને રજાની આવકને સદ્કાર્યોમાં વાપરી તેમજ **ઘેર બેઠાં** પાંચ ગાયત્રી મંત્ર અને ૩ મહામૃત્યુંજય મંત્ર દ્વારા અમને ભાવનાત્મક આશીર્વાદ પાઠવવા આપ સર્વેને અમારી નમ્ર વિનંતી છે.

આવું સાહસ કરવાના પ્રેરણામૂર્તિ અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સંસ્થાપક પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીએ ૩૨૦૦ પુસ્તકો લખ્યા છે. અમો આપશ્રીને તેમના જ્ઞાન બગીચાના એક બે પુષ્પો મોકલીએ છીએ આશા છે કે જે આપણા ઘણા પ્રશ્નોના ઉત્તરને સંતોષશે.

વંદે માતરમ્

**કુણાલ પટેલ ✹ તૃપ્તિ બુહા**

**ખર્ચાળ લગ્નો આપણને ગરીબ અને બેઈમાન બનાવે છે.**

**આદર્શ લગ્નની પરંપરા અપનાવીએ.**

**સૌને સદ્બુદ્ધિ, સૌને ઉજ્જવળ ભવિષ્ય**

## અમદાવાદ જિલ્લાના સક્રિય યુવાનોની બેઠક યોજાઈ

**ગાયત્રી શક્તિપીઠ શાહીબાગ-અમદાવાદ**

તા-૨જી મે-૨૦૧૦ને રવિવારના રોજ ગાયત્રી શક્તિપીઠ, શાહીબાગ અમદાવાદ ખાતે અમદાવાદ જિલ્લાના સક્રિય યુવાઓની સવારના ૯ થી ૧ કલાક સુધી તથા કાર્યકર્તાઓની એક મીટીંગ ૩.૩૦ કલાકે મળી હતી. આ મીટીંગનો મુખ્ય એજન્ડા યુવા સંગઠન રાજ્ય કક્ષાનો વિરાટ પુસ્તક મેળો તથા પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દીની ઉજવણી, પૂર્વ તૈયારી વગેરે રાખવામાં આવી હતી.

યુવા શક્તિઓને જાગૃત કરવા વડોદરા સ્થિત મનોવૈજ્ઞાનિક ચિકિત્સક અને આપણા પરિજન એવા શ્રી ડૉ.મુકેશભાઈ દલાલે યુવાઓને માર્ગદર્શન આપ્યું. સાથે સાથે વિરાટ પુસ્તક મેળામાં સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.

ત્યારબાદ બપોરના ૩.૩૦ વાગે અમદાવાદ જિલ્લાના સક્રિય પરિજનોની મીટીંગમાં વિરાટ પુસ્તક મેળાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. પરિજનોના મંતવ્યો લેવામાં આવ્યા. જે નીચે મુજબ છેઃ-

**(૧)** વિરાટ પુસ્તક મેળાનું મુખ્ય મથક ગાયત્રી શક્તિપીઠ, શાહીબાગ અમદાવાદ રહેશે.

**(૨)** વિરાટ પુસ્તક મેળાના સંયોજક મનોચિકિત્સક શ્રી ડૉ.મુકેશભાઈ દલાલ રહેશે.

**(૩)** શક્ય હશે ત્યાં સુધી એક વિરાટ પુસ્તકમેળો સરદાર પટેલ સ્ટેડિયમ-માં ડીસેમ્બર-૨૦૧૦ના છેલ્લા અઠવાડિયામાં યોજવામાં આવશે.

**(૪)** આ પુસ્તક મેળામાં સમય-દાનીઓને પ્રશિક્ષણ આપવામાં આવશે. આ માટે અમદાવાદ તેમજ સક્રિય કાર્યકર્ત્તાઓની મીટીંગ તા-૩૦ મે-૨૦૧૦ના રોજ બપોરે ૩.૦૦ વાગે ગાયત્રી શક્તિપીઠ શાહીબાગ અમદાવાદ રાખવામાં આવેલ છે.

**(૫)** આ રાજ્ય કક્ષાના વિરાટ પુસ્તક મેળા માટે રાજ્યભરના સક્રિય પરિજનોના સેવા/સૂચનો આવકાર્ય છે.

**(૬)** પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દીની ઉજવણી અંતર્ગત પરિજન પોતાની વ્યક્તિગત સાધના વધારે તેમજ શાખા શક્તિપીઠોને દસ દસ ગામોમાં જન્મશતાબ્દી સંદેશ પહોંચાડવાનો નિર્ણય લેવામાં આવ્યો. ✹

## પ્રાંતિય કાર્યકર્તાઓની ગોષ્ઠી યોજાઈ

**ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-નરોડા**

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-નરોડા-અમદાવાદ દ્વારા પ્રાંતિય કાર્યકર્તાઓની ગોષ્ઠી રાખવામાં આવી હતી. જેમાં નીચે મુજબના સંકલ્પો લેવામાં આવ્યા હતાઃ-

**સંકલ્પઃ-**(૧) સવા કરોડ મંત્રલેખનઃ નરોડા વિસ્તારની આજુબાજુની ૨૯ સ્કૂલોના વિદ્યાર્થીઓ દ્વારા મંત્રલેખન કરાવવામાં આવ્યું. મંત્રલેખન પૂર્ણ કરીને બુક પાછી આપનાર દરેક બાળકને ફૂલ સ્કેપ નોટબુક નિઃશુલ્ક આપવામાં આવશે.

(૨) સ્ટીકર અભિયાન અંતર્ગત (૩૨૦૦) સ્ટીકર ઘર-ઘર લગાવવામાં આવ્યા.

(૩) યુગ નિર્માણ સત્સંકલ્પ સ્ટીકર (૧૬૦૦૦) છપાવવામાં આવ્યા અને ઘર-ઘર સુધી હાથો હાથ પહોંચાડવામાં આવ્યા.

આ સંકલ્પને પૂર્ણ કરવા માટે તથા ગાયત્રી મંત્રલેખન પુસ્તકના મુખ્ય સહયોગી શ્રીમતી ઈન્દુમતી બેન ફૂલાભાઈ વ્યાસ અને ગાયત્રી પરિવાર નરોડા અમદાવાદે પૂરો સહયોગ આપ્યો હતો.

## બ્રહ્મભોજ થયું

**કડોદ-શુક્લતીર્થ(ભરૂચ)**

ભરૂચથી ૮ કિલોમીટર દૂર કડોદ-શુક્લતીર્થ મુકામે દર ૧૮ વર્ષે શિવ ભગવાનના મંદિરે મેળો ભરાય છે જે આ વખતે આ વર્ષે અધિક મહિનામાં ભરાયો હતો. જેમાં ગાયત્રી પરિવારે શિવ મંદિર સમિતિ પાસેથી સ્ટોલ લઈ પરમ પૂજ્ય ગુરુદેવનું સત્સાહિત્ય બ્રહ્મભોજ રૂપે લગભગ ૫૦,૦૦૦ રૂપિયાનું વેચાણ કર્યું. જેમાં ભરૂચ શુક્લતીર્થ, સિકોરા, અંકલેશ્વર અને તવરા ગામના કાર્યકર્તાઓએ દરરોજ સમયદાન આપી પોતાની સેવાઓ આપી હતી. શ્રી ભીખુભાઈ, અનિલભાઈ, હિતેશભાઈ, રમેશભાઈ, સંગીતા બેન, પારૂલબેન, બેનાબેન અને હિંમતસિંહે વિશેષ સેવાઓ આપી હતી.

## પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ શૃંખલા ચલાવી

**જંબુસર (ભરૂચ)**

જંબુસર ગાયત્રી પરિવાર દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી નિમિત્તે કુમારીકાઓ દ્વારા પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ શૃંખલાનો શુભારંભ કરવામાં આવ્યો.

પ્રથમ યજ્ઞમાં ગુરુદેવના આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી લાલભાઈ ભાવસાર, ધર્મેશભાઈ પટેલ, પ્રજ્ઞાપુત્રી કિર્તીબેન આર.રાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ યજ્ઞનું સંચાલન પરિવ્રાજક શ્રી સુરેશભાઈ સુથારે કર્યું હતું. આ ગાયત્રી મહાયજ્ઞ



ગાયત્રી મહાયજ્ઞમાં ભાગ લઈ રહેલ કુમારિકાઓ

સદ્વિચારોવાળું પુસ્તક તથા મંત્રલેખન નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૫૧ કુમારિકા-ઓ દ્વારા ગાયત્રી મહાયજ્ઞ કરવામાં શૃંખલામાં ઠેર-ઠેર કુમારિકાઓ દ્વારા યજ્ઞ કરવાની વ્યવસ્થા બનાવવામાં આવી છે. ✹

## જન્મશતાબ્દી ઉજવણી અર્થે ધર્મરથ

**ગા.શક્તિપીઠ-જામનગર**

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજીની જન્મશતાબ્દી ઉજવણી નિમિત્તે જામનગર જિલ્લાના દશ તાલુકાઓમાં જન્મશતાબ્દીના ભાગ રૂપે પ્રચાર-પ્રસાર અર્થે ગુરુદેવના વિચારો જન-જન સુધી પહોંચાડવા માટે જામનગર જિલ્લામાં જામ-જોધપુરના નિલેશભાઈ દેલવાડિયાના સહયોગથી પ્રાપ્ત થયેલ ધર્મરથ (ટાટા ૪૦૭ વાહન) દ્વારા પ્રચાર અભિયાનનું આયોજન ૭૫૦ ગામોની અંદર ગોઠવવા માટેનું આયોજન નક્કી કરવા માટે જામ-જોધપુર શહેરની ગાયત્રી પરિવારની શ્રી મગનભાઈ દેલવાડિયાની ગૌશાળામાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને જામનગર જિલ્લા સંગઠન સમિતિની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં દરેક તાલુકાઓના સક્રિય પરિજન ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી. જેમાં દરેક તાલુકામાં ૧૦,૦૦૦ ઘરોમાં સ્ટીકર લગાવવા, દરેક તાલુકાઓમાં ૧૦૦૦ મંત્રલેખન બુક લખાવવી તથા ૧૦,૦૦૦ પોકેટ બુક દ્વારા સત્ સાહિત્યનું વિતરણ વિના મૂલ્યે કરાવવું તેમજ દરેક ગામડાંઓમાં સદ્વાક્ય લેખન, વૃક્ષારોપણ, નારીજાગરણ, વ્યસન મુક્તિ જેવા આંદોલનની જાણકારી યજ્ઞ, દીપયજ્ઞ, ધર્મસભા દ્વારા દરેક તાલુકાઓમાં આપવા માટેના સંકલ્પો લેવડાવવામાં આવ્યા. ૮ ભાઈ-બહેનોની ટોળી દ્વારા સમગ્ર જિલ્લામાં પ્રચાર વ્યવસ્થા ગોઠવવામાં આવી. આ ધર્મરથનો જામનગર જિલ્લાના ગામડે-ગામડે ફરવાનો કાર્યક્રમ આગામી વસંત પંચમી-૨૦૧૧ સુધી ચાલુ રહેશે. જેથી પૂજ્યવરની જન્મ શતાબ્દીની ઉજવણીના આયોજનો ચાલું રહેશે. ✹

**જે સંસારને સદ્વ્યવહાર ન આપી શકે, તેની ઉપાસના અધૂરી છે.**

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ઉત્સાહવર્ધક ઈનામ વિતરણ સમારોહ

## ‘સંસ્કાર અને સચ્ચરિત્ર અપનાવવા માટે વિદ્યાર્થીઓ પ્રેરિત થયા’

**ચન્દૌલી (ઉત્તર પ્રદેશ)**

તા-૭ માર્ચે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જિલ્લા સ્તર પર મેરીટ લીસ્ટમાં આવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીની-ઓને મુખ્ય અતિથિ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી આર.કે.યાદવ તથા વિશિષ્ટ અતિથિ અલ્પ સંખ્યક સમાજ કલ્યાણ અધિકારી શ્રી ઘનશ્યામજીની ઉપસ્થિતિમાં વિશેષ સ્મૃતિ પ્રમાણપત્ર તથા યુગ સાહિત્ય પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા.

ધોરણ ૫ થી ૧૨ સુધી ક્રમશઃ ચિ.ઋષભકુમાર શેઠ, કુમારી તૃપ્તિસિંહ, કુ.સંધ્યા ગુપ્તા, કુ.દીપા વિશ્વકર્મા ચિ.વિવેક સિંહ, ચિ.આશુ-તોષ કુમાર, કુ.પ્રિતિ તથા કુ. સંગીતાએ પોત-પોતાના ધોરણમાં જિલ્લા સ્તર પર પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, એ બદલ આ સૌના ઉજ્જવળ ભવિષ્યની મંગલ કામના સાથે અતિથિઓએ શુભકામના પાઠવી. જિલ્લા સંયોજક શ્રી ખરપત્તુ મૌર્ય વગેરેનો વિશેષ સહયોગ રહ્યો.

**કુમ્હેર-ભરતપુર (રાજસ્થાન)**

ધોરણ-૫ થી ૧૨ સુધી આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં તાલુકા સ્તર પર અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત વિદ્યાર્થીઓને ૨૮ માર્ચના દિવસે ગાયત્રી પ્રજ્ઞાપીઠ પરિસરમાં સ્મૃતિ ચિહ્ન, પ્રશસ્તિ પત્ર તથા સાહિત્ય પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે નવનિર્વાચિત રાજકીય સંસ્થાઓના ૪ જિલ્લા પરિષદ સભ્યો, ૧૯ પંચાયત સમિતિ સભ્યો તથા ૩૬ સરપંચોને પણ ઉપવસ્ત્ર અને સત્સાહિત્ય ભેંટ આપવામાં આવ્યું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ક્ષેત્રીય નિયામક ડૉ.દિગમ્બરસિંહ શ્રી મનોજસિંહ વગેરેએ શ્રોતાઓને જીવનમાં સફળતા મેળવવાના સૂત્રો સમજાવતા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા નિર્દેશિત કાર્યક્રમોમાં સક્રિય ભાગીદારી કરવાનું આવાહન કર્યું. આ પ્રસંગે ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓ અધ્યાપક (શિક્ષકો અને ગણમાન્ય નાગરિકોની ઉપસ્થિતિ રહી.

**જોનપુર (ઉત્તર પ્રદેશ)**

ગાયત્રી શક્તિપીઠ લાઈન બજારમાં તા-૭ એપ્રિલે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જિલ્લા અને તાલુકા સ્તર પર મેરીટ લીસ્ટમાં આવેલ ધોરણ-૫ થી ૧૨ સુધીના ૨૪-૨૪ વિદ્યાર્થીઓને વીર બહાદુર સિંહ પૂર્વાંચલ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો.આર.સી.સારસ્વતે ગોલ્ડ મેડલ અને છાત્રોપયોગી પુસ્તકનો એક-એક સેટ ભેટ આપી સન્માનિત કર્યા. આ વખતે વિદ્યાર્થીઓ સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકોને પણ સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે કુલપતિ પ્રો. સારસ્વતે કહ્યું કે બાળકોને પરીક્ષા અને પાઠ્યક્રમ સિવાય સંસ્કારવાન બનાવવાની શ્રેષ્ઠ વ્યવસ્થા છે- ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા. પ્રાચાર્ય ડૉ.વીરેન્દ્ર બહાદુર સિંહે કહ્યું કે ગાયત્રી પરિવાર બાળકોને સંસ્કારવાન બનાવવાનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે.

લઘુમતી વર્ગના પ્રધાનાચાર્યો- ફાધર અંટોની એડિક્સ (સેંટ થોમસ) મેજર અસલમ (શિયા ઈન્ટર કૉલેજ)ને શત-પ્રતિશત વિદ્યાર્થીઓની સહભાગીદારી અને સંસ્કૃતિ મંડળ બનાવવાવાળા વિદ્યાલયોના શિક્ષકો સહિત આચાર્યશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા.

જિલ્લા સંયોજક પ્રો.શ્યામ નારાયણ અનુસાર જિલ્લાની ૧૬૪ શાળાઓમાં ૨૪૧૦૨ વિદ્યાર્થીઓ આ વર્ષે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ભાગીદાર બન્યા.

**ગોરખપુર (ઉત્તર પ્રદેશ)**

તા-૪ થી એપ્રિલે સરસ્વતી વિદ્યા મંદિર આર્યનગર-ગોરખપુર જિલ્લા અને તાલુકા સ્તર પર પ્રથમ, દ્વિતીય સ્થાન પર આવેલ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા. ૪૮ વિદ્યાર્થીઓ અને શાળા સ્તર પર પ્રથમ આવનાર ૧૬ વિદ્યાર્થીઓને પ્રશસ્તિ પત્ર, સ્મૃતિ ચિહ્ન અને સત્સાહિત્ય ભેટ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા. જિલ્લા સર્વાધિક સંખ્યામાં પરીક્ષામાં વિદ્યાર્થીઓ બેસાડનાર ૫ પ્રધાન આચાર્યશ્રીઓને પૂજ્યવર દ્વારા રચિત સત્સાહિત્ય અને ઉપવસ્ત્ર ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા.

મુખ્ય અતિથિ પ્રો.પ્રભાશંકર પાંડેજી તથા વિશિષ્ટ અતિથિ સ્થાનીય ધારાસભ્ય ડૉ.રાધામોહન અગ્રવાલે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિમાં જોડવાનો એક અભિનવ પ્રયાસ બતાવ્યો. કાર્યક્રમ-નું સંચાલન જિલ્લા સંયોજક ડૉ. વિશ્વનાથ તિવારીજીએ કર્યું.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ઈમાન વિતરણ સમારોહ

**ગોધરા (પંચમહાલ)**

તા-૧૪ માર્ચના દિવસે ગોધરા ગાયત્રી શક્તિપીઠના પ્રજ્ઞા હૉલમાં


ડૉ.એ.પી.પંડ્યાસાહેબ ટ્રોફી આપીને વિદ્યાર્થીનું સન્માન

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ઈનામ વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. ધોરણ-૫ થી ૧૨ સુધીના ચોવીસ હજાર પાંચ સો પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષામાં સ્કૂલોના આચાર્યો, શિક્ષકો


શ્રીમતી જયાબેન બારીયાને આદર્શ શિક્ષકનું સન્માન કરી રહેલ પ્રો.ડૉ.દિવાકર ગોર

તેમજ વાલીઓએ પણ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ડૉ.એ.પી.પંડ્યા, ડૉ.દિવાકર ગોર, આચાર્ય સંઘના પ્રમુખ શ્રી દક્ષેશભાઈ શાહ, લુણાવાડા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીલાબેન પટેલ, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી રમીલાબેન પટેલ, ઘોઘંબા તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ, સંતરામપુર શક્તિપીઠના ટ્રસ્ટી શ્રી રામજીભાઈ ગરાસીયા, ગોધરા ગાયત્રી પરિવાર શાખાના શ્રી બાબુભાઈ સાંકલા, શ્રીમતી મંજુલા બેન સાંકલા, શ્રી વજેસિંહ બારીયા, શ્રી શિવણદાસ, શ્રી ભાણજીભાઈ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ.એ.પી.પંડ્યા સાહેબે કહ્યું કે ભુલાઈ ગયેલી સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનું કાર્ય શઈ રહ્યું છે. આ પરીક્ષા દ્વારા નૈતિક મૂલ્યો અને બીજા માટે કંઈક કરી છુટવાની ભાવના શિખવાડે છે. આપણી સંસ્કૃતિ કહે છે કે દરેક સ્ત્રી એ માતા છે. જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ કહે છે કે દરેક માતા એ સ્ત્રી છે. તેમણે ગાયત્રી પરિવારના કાર્યોની પ્રશંસા કરતા કહ્યું કે ગોધરા ગાયત્રી પરિવાર શાખાએ સંસ્કૃતિ રાષ્ટ્રના રક્ષણ માટે ભક્તો તૈયાર કરનાર બેજોડ ઉપાસક પરિજનોનો પરિચય કરાવ્યો. શ્રી દક્ષેશભાઈ કહ્યું કે બાળકોમાં સંસ્કાર જગાડવાનું કામ ગાયત્રી પરિવાર ખૂબ જ સારી રીતે કરે છે. શ્રીમતી લીલાબહેન પટેલ કહ્યું કે દરેક વાલીઓએ પોતાના બાળકોને આ પરીક્ષા અપાવવી જોઈએ. શ્રીમતી રમીલાબહેન અમીને કહ્યું કે ગાયત્રી પરિવાર તો બાળકો દ્વારા સમાજને સંસ્કારવાન બનાવવાનો સાચો પ્રયત્ન કરે છે અને વ્યસન મુક્તિ અભિયાનમાં સારી એવી ઝુંબેશ ચલાવે છે.

જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર આદર્શ શિક્ષકોનું ઉપવસ્ત્ર ઓઢાડીને તથા ગુરુદેવનું સત્સાહિત્ય ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું.

પરીક્ષા કાર્યને કોમ્પ્યૂટરના માધ્યમથી ગતિ આપવા માટે શ્રી ડાહ્યાભાઈ મકવાણા તથા શ્રી ચિન્મય સાંકલાનું પણ ઉપવસ્ત્રી ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

જિલ્લા સ્તરે તથા તાલુકા સ્તરે પ્રથમ તથા દ્વિતીય ક્રમે આવનારા બાળકોને ટ્રોફી તથા સાહિત્ય આપી સન્માન કરવામાં આવ્યું.

અંતમાં શ્રી કાંતિભાઈ બારીયાએ આભાર વિધિ કરી અને તમામ પધારેલ મહેમાનોને સત્સાહિત ભેટ આપીને સન્માનિત કર્યા અને છેલ્લે સામૂહિક ભોજન-પ્રસાદ બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોધરા તથા પંચમહાલ જિલ્લા ના ગાયત્રી પરિવારના પરિજનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ✹

## યુવાનોએ યુવાનોનું માર્ગદર્શન કર્યું

**બલવક્કા-ગોક્કા (ઝારખંડ)**

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી શ્રી સંજય ચૌરસિયા તથા શ્રી આશીષ શુક્લાએ ઈન્ટર્નશિપ અંતર્ગત ફેબ્રુઆરી માસમાં ગોક્કા જિલ્લાનું ભ્રમણ કર્યું. આ સમય દરમ્યાન વિપરિત પરિસ્થિતિઓમાં યોગ, વૈકલ્પિક ચિકિત્સા અને કુટીર ઉદ્યોગ વગેરે વિષયોમાં જાણકારી આપી. શિબિર દરમ્યાન તેમણે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયમાં શિક્ષણ દરમ્યાન મળેલા સૂત્રોને યુવાનોમાં વહેંચ્યા. યુવાનોની વિભિન્ન શંકાઓનું સમાધાન કર્યું.

જિલ્લાના ૮૦૦થી વધારે યુવાનોને પ્રશિક્ષણ આપ્યું. જેમાંથી અનેક યુવાનોએ કુટિર ઉદ્યોગ ચલાવવાની વાત કહી. કાર્યક્રમ સમાપ્તિ પર પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ થયો. યુવાનોએ પોત-પોતાના સંકલ્પોની જાહેરાત કરી. જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત ચલાવવામાં આવેલ કાર્યક્રમો અંતર્ગત યુવાનોને સંગઠિત કરવા અને સમાજોત્થાનની ગતિવિધિઓમાં સમયદાન માટે સંકલ્પિત કરવામાં આવ્યા. યજ્ઞની સફળતામાં શ્રી ગૌરીશંકરજી, શ્રી અરૂણકુમાર શિક્ષકો વગેરેનું પ્રશંસનીય સહયોગ રહ્યો. ✹

## યુવાનોની વધતી જતી ભાગીદારી

**ભોપાલ (મધ્યપ્રદેશ)**

કોલાર ઉપનગરના ક્રાફટ મેદાન ભોપાલમાં તા-૧૦ થી ૧૪ એપ્રિલના દિવસે ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ, પ્રજ્ઞા પુરાણ કથા તથા પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. શાંતિકુંજથી શ્રી સંદીપ પાંડેજીએ ઉપસ્થિત લોકોને પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દી અને વર્તમાન વિભિષિકાઓથી દૂર રહીને ભગવાન સાથે ભાગીદાર બની શ્રેયસ્કર બનવા માટે આવાહન કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત મધ્યપ્રદેશ ભોજ (મુક્ત) વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ.એસ. કે.સિંહે કાર્યક્રમની મુક્તકંઠે વખાણ કર્યા.

આ દરમ્યાન આયોજિત પુસ્તક મેળાનો શુભારંભ મોતીલાલ વિજ્ઞાન મહા વિદ્યાલયના જનભાગીદાર અધ્યક્ષ શ્રી રવિન્દ્ર યતિએ દીપ પ્રાગટ્ય કરી કર્યો. અખંડ જ્યોતિ સંસ્થાનના શ્રી સરવૈયાજી એ વિદ્યા વિસ્તાર પર પ્રકાશ ફેંક્યો. પૂર્ણાહુતિ સમયે મોટી સંખ્યામાં વિભિન્ન સંસ્કાર સંપન્ન કરાવવામાં આવ્યા.

તા-૧૩ એપ્રિલના દિવસે યુવા વર્ગની ગોષ્ઠી થઈ. સમાજોત્થાન કાર્યમાં યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે શ્રી ઘનશ્યામ પાટીદારને આ વિસ્તારના યુવા પ્રકોષ્ઠના સંયોજક નિયુક્ત કરવામાં આવ્યા. ✹

## ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓની સફળતા માટે શુભેચ્છા સમારંભ

**બાલીસણા (પાટણ)**

તા-૦૧ માર્ચ-૨૦૧૦ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓનું મનોબળ વધે તે માટે બાલીસણા ગાયત્રી પ્રજ્ઞાપીઠ પર ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે તે માટે ‘‘શુભેચ્છા આશીર્વાદ સમારંભ’’નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સમારંભમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓને શાંતિકુંજ હરિદ્વાર તરફથી આપવામાં આવેલ શુભકામના કાર્ડ (પ્રમાણપત્ર) આપવામાં આવ્યા.

**ગાયત્રી પ્રજ્ઞાપીઠ મણુંદ (બાલીસણા)**

આવો જ બીજો કાર્યક્રમ તા-૨જી માર્ચના રોજ ગાયત્રી પ્રજ્ઞાપીઠ બાલીસણાની નજીક આવેલી શાખા મણુંદ મુકામે પણ ‘‘શુભેચ્છા આશીર્વાદ સમારંભ’’નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મણુંદ ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓને શાંતિકુંજ હરિદ્વાર તરફથી આપવામાં આવેલ શુભકામના કાર્ડ (પ્રમાણપત્ર) આપવામાં આવ્યા હતા. ✹

## બાળકોને મનોબળ વધારવા ગાયત્રી મહાયજ્ઞ

**પાલનપુર (બ.કાં.)**

તા-૨૪ જાન્યુઆરી તેમજ તા-૭ ફેબ્રુઆરીના રોજ વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં તેમનું મનોબળ વધે તથા નકારાત્મક વલણ દૂર કરી પરીક્ષામાં સારું પરિણામ લાવે તથા પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય અને તે શક્તિનો રાષ્ટ્ર હિતમાં ઉપયોગ કરે તે હેતુથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પાલનપુર ગાયત્રી શક્તિપીઠ ખાતે આમંત્રિત કરવામાં આવ્યા. સૌએ ગાયત્રી મહાયજ્ઞમાં ભાગ લઈ પરમ પૂજ્ય ગુરુદેવના સૂક્ષ્મ આશીર્વાદ સારી સફળતા માટે મેળવ્યા હતા. આ ઉપરાંત જરૂરી માર્ગદર્શન, મંત્રલલેખન બુક, ચાલીસા તથા શાંતિકુંજ હરિદ્વારનું પરમ પૂજ્ય ડૉ.સાહેબ અને પૂજ્ય દીદીના આશીર્વાદ સાથેના પ્રમાણપત્ર આપવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શક્તિપીઠના સંચાલક ગીરીશભાઈ પટેલ, વરિષ્ઠ પરિજનો તથા યુવા સંગઠનના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. ✹

**માનવી આચરણની શુદ્ધતા અને પવિત્રતામાં સમાજ, રાષ્ટ્ર અને દેશને કાયાકલ્પ કરવાની શક્તિ વિદ્યમાન છે**

# જન્મ શતાબ્દી પ્રયાજ યજ્ઞોથી થઈ રહ્યો છે નવી શ્રદ્ધાનો સંચાર

## વ્યક્તિત્વ વિકાસનો નવો વિસ્તાર ખોલ્યો યજ્ઞીય આંદોલને

**ઈન્દોર(મધ્યપ્રદેશ)**

ગાયત્રી શક્તિપીઠ કનાડિયા દ્વારા રાઉ સ્થિત શ્રમિક કૉલોની પટેલ નગરમાં તા-૧૨ એપ્રિલે પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થયો. આ પ્રસંગે યજ્ઞ સંચાલક શ્રી મહેન્દ્ર મોહન ભટ્ટે શાંતિકુંજ દ્વારા ચલાવવામાં આવતા સાત આંદોલનોની વિસ્તારથી જાણકારી આપી. તેમણે ઋષિ પ્રેરિત સંસ્કારોના માધ્યમથી માનવને મહામાનવ તથા નરથી નારાયણ બનવાની વિદ્યાની જાણકારી આપતાં કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા સંસ્કાર પરંપરાને પુનર્જીવિત કરવામાં આવી છે. કારણ કે સોળ (ષોડ્શ) સંસ્કારોની પ્રેરણા અને ક્રિયામાં તે શક્તિ છે, જેના દ્વારા માનવ જીવનને સાચી દિશા મળે છે. શ્રીમતી નીતા ભટ્ટે-નારી જાગરણ, કન્યા ભ્રુણ હત્યા રોકવી તેમજ ૨૧ મી સદી-નારી સદી-વિષયો પર પ્રવચન આપ્યું. કાર્યક્રમમાં ૧૦ પુંસવન, ૧૦ નામકરણ, ૫ અન્નપ્રાશન, 3 મુંડન, ૫૦ વિદ્યારંભ, ૨૫ યજ્ઞોપવિત-દીક્ષા, ૧૦ જન્મદિવસ, ૧૦ વિવાહદિવસ વગેરે સંસ્કારો સંપન્ન થયા.

ગાયત્રી શક્તિપીઠ દ્વારા જન્મશતાબ્દીની તૈયારીઓ અંતર્ગત જિલ્લાના પ્રત્યેક ગામમાં ગાયત્રી મહાયજ્ઞોની શ્રૃંખલા ચલાવવામાં આવી છે. એમાં યુગઋષિ દ્વારા રચિત ક્રાંતિધર્મી સાહિત્યને જન-જન સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. સાંજે દીપયજ્ઞના પ્રસંગે શ્રી ગંગારામ ચૌધરી તથા શ્રી રણછોડ પટેલ ગ્રામજનોના સ્વાસ્થ્ય માટે અસરકારક ઉપાય બતાવ્યા. કાર્યક્રમનું સંચાલન રાઉ શાખાના શ્રી બાબુલાલ મુકાતીએ કર્યું.

**કહલગાંવ-ભાગલપુર (બિહાર)**

જન્મશતાબ્દી પ્રયાજ અભિયાન અંતર્ગત ચલાવવામાં આવી રહેલ યજ્ઞોની શ્રૃંખલામાં કહલ ગામમાં ૧૩ થી ૧૭ ફેબ્રુઆરીની તારીખોમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન થયું. શાંતિકુંજના વરિષ્ઠ કાર્યકર્તા શ્રી કપિલજીના નેતૃત્વમાં શ્રી નરેન્દ્ર વિદ્યાર્થી, શ્રી નકુલ દેવ તથા શ્રી શ્યામકુમારની ટોળી યજ્ઞ સંચાલન માટે પહોંચી હતી. શ્રી કપિલજીએ વિભિન્ન ઉદાહરણોથી ગાયત્રી મંત્રની શક્તિ તથા પ્રભાવથી થતા લાભોની વિસ્તૃત જાણકારી આપી. શ્રી નરેન્દ્ર વિદ્યાર્થીએ ગાયત્રી મંત્રના વૈજ્ઞાનિક તથા વ્યવહારિક સૂત્રોનું પ્રતિપાદન કર્યું.

આ મહાયજ્ઞમાં ૫૮ દીક્ષા, ૫ પુંસવન, 3 નામકરણ, ૯૦ વિદ્યારંભ સહિત વિભિન્ન સંસ્કાર ખૂબ મોટી સંખ્યામાં સંપન્ન થયા. એમાં મો.શ્રવણ ખાન, મો.શાહબાજ આલમ, શ્રી દેવીરાય, શ્રી છોટે રાય, શ્રીમતી કુમુદ ચૌધરી વગેરેની વિશેષ ભૂમિકા રહી.

**પયાગપુર-બહારાઈચ (ઉ.પ્ર.)**

સ્થાનિક ગાયત્રી પરિવારના સક્રિય સભ્યોએ જન્મશતાબ્દી અંતર્ગત પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞની શ્રૃંખલા ચલાવી. એમાં તા-૧૫ ફેબ્રુઆરીથી તા-૧૪ માર્ચ સુધી દેવરીયા, કરમોહના ઝાલા રાજાપુર કલાઁ વગેરે ગામોમાં સફળતાપૂર્વક યજ્ઞ આયોજન સંપન્ન કરવામાં આવ્યા.

આ શ્રૃંખલામાં નશા નિવારણ, કુરિતિ નાબૂદી સહિત સાત આંદોલનોને ગતિ આપવા માટે વિશેષ કાર્યો પર બળ આપવામાં આવ્યું. દીવાલ લેખન, સ્ટીકર અભિયાનના માધ્યમથી લોકોમાં જન જાગરણ કરવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવે છે. તેની આશાસ્પદ સફળતા એ લોકોમાં નવી ચેતનાનો સંચાર કર્યો.

યજ્ઞના માધ્યમથી મહિલા મંડળ, સંસ્કૃતિ મંડળ, યુવા મંડળ, પ્રજ્ઞા મંડળ વગેરેનું ગઠન કરી અખંડ જ્યોતિ યુગ નિર્માણ યોજના અને પ્રજ્ઞા અભિયાન પત્રિકાને વધારેમાં વધારે લોકો સુધી પહોંચાડવા માટે કાર્યયોજના બનાવવામાં આવી.શ્રી શ્યામ સુંદર તિવારી, રામગોપાલ શુક્લ, મનોજ કુમાર સોની વગેરેની સક્રિય ભૂમિકા રહી. ✸

## મુક્તિ ધામને સુંદર સુવિધાયુક્ત બનાવ્યું

**ગ્વાલિયર(મધ્યપ્રદેશ)**

મુક્તિધામ ચાર શહેરનું નાકું, ગ્વાલિયરમાં તા- 30માર્ચ હનુમાન જ્યંતિ પર આયોજીત એક સમારંભ પર સ્વ. લાદુરામ સોડાની અને હનુમાનજીની મુર્તિનુ અનાવરણ થયું. સમારંભના મુખ્ય અતિથિ નગર મેયર શ્રીમતી સમીક્ષા ગુપ્તાએ આ પ્રસંગે ગાયત્રી પરિવાર અને મુક્તિધામ અને જિર્ણોદ્ધાર સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યોની ખૂબ જ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે મુક્તિધામ જિર્ણોદ્ધાર સમિતિએ જન સહયોગથી સમાજોત્થાનનો એક આદર્શ રજૂ કર્યો છે.



**મૂર્તિનું અનાવરણ સમારોહમાં મેયરની સાથે પ્રમુખ પરિજનો**

આ સમારોહમાં યુગ નિર્માણ આંદોલનને સમર્પિત કેટલાય મહાનુભાવો દ્વારા પોતાના પ્રિયજનોની સ્મૃતિમાં મુક્તિધામને પ્રદાન કરવામાં આવેલી સુવિધાઓનુ લોકાર્પણ પણ થયું. શ્રી આલોક શર્માએ પાણીની પરબ બંધાવી, શ્રી બાબુલાલ જંગરિયાએ ગેસ ગીજર લગાવ્યું. ડૉ. પિપરિયાએ એક્વાગાર્ડ યુક્ત ઠંડા પાણીનું કુલર મુકાવ્યું. મેયરશ્રી ગોવિંદ બિહારી ગુપ્તાએ કોટાસ્ટોનના લાદીકામ માટે ખાસ ધન્યવાદ આપ્યા. ઉલ્લેખનીય છે કે સ્વ. લાદુરામ સૌડાની સુપ્રસિદ્ધ સમાજસેવી અને ગાયત્રી પરિવારના નિષ્ઠાવાન કાર્યકર્તા હતા. જેમણે મુક્તિ ધામના જિર્ણોદ્ધાર માટે ખૂબ જ મોટું કાર્ય કર્યું. ✸

## ‘પ્રબુદ્ધ જનોને સન્માનિત કરવામાં આવ્યા’

**રાઠ-હમીરપુર (ઉ.પ્ર.)**

ગાયત્રી શક્તિપીઠ રાઠ દ્વારા તા-૨૫ એપ્રિલના દિવસે ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં ઉમટેલી જનમેદનીએ આયોજકોને પ્રોત્સાહિત કર્યા. કુલ પાંચ પાળીઓમાં સેંકડો દંપતીઓએ આહુતિઓ આપી અને ઋષિયુગ્મના દિવ્ય અભિયાન પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી.

રાઠના ગાયત્રી મહાયજ્ઞમાં મિશનના સક્રિય વરિષ્ઠ વ્યક્તિઓનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ દિપયજ્ઞના આયોજનમાં નગરના પત્રકારોનું પણ સન્માન કરવામાં આવ્યું. આ અવસર પર તેમની પ્રતિભાને સત્પ્રવૃત્તિ સંવર્ધન-દુષ્પ્રવૃત્તિ નાબુદી આંદોલનને સફળ બનાવવા માટે આવાહન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ચૌધરી ધ્રુવરામ મુખ્ય અતિથિના રૂપમાં પધાર્યા. શ્રી રાજનારાયણ બુધૌલિયા તથા શ્રી પ્રિતમસિંહ કિસાન વિશિષ્ટ અતિથિના રૂપમાં પધાર્યા.

ટોળી નાયક શ્રી રામશંકર મિશ્રાએ યુગ સંદેશ આપતાં કહ્યું કે આ વિચાર પરિવર્તનની શતાબ્દી છે. વ્યક્તિએ હંમેશા આત્મચિંતનથી એ જ આચરણ કરવું જોઈએ કે જે આત્મબોધ કરાવે. આત્મગૌરવની અનુભૂતિ કરાવે. ફક્ત સુવિચારોનો પ્રચાર જ પર્યાપ્ત નથી, તેને જીવનમાં ઉતારવાની સાધના પણ જરૂરી છે.

કાર્યક્રમનું સંચાલન ડૉ. લક્ષ્મણલાલ ત્રિપાઠીએ અને આભાર પ્રદર્શન મેજર ચંદ્રશેખર મિશ્રાએ કર્યું. કાર્યક્રમમાં નાયબ જિલ્લા અધિકારી શ્રી રાકેશસિંહ, સુશ્રી નિરુપમા સિંહ, પ્રાચાર્ય જવાહર નવોદય વિદ્યાલય, જબ્બાર અહમદ, અબ્રાર અહમદ વગેરેએ ઉલ્લેખનિય ભાગીદારી કરી.



## કાવડ લઈને નિકળ્યા સર્જન સૈનિકો

**ઝાંસી (ઉત્તર પ્રદેશ)**

પ્રજ્ઞાપીઠ પ્રેમનગર ઝાંસીના ૨૫ વર્ષ પૂર્ણ થયા તે અંતર્ગત ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે રજત જયંતી ઉજવવામાં આવી. તા-૧૩ એપ્રિલના દિવસે કળશયાત્રામાં ભાઈઓએ કાવડમાં વાંગ્મય લીધા. બધાએ સંકલ્પ કર્યો કે જન્મ શતાબ્દી વર્ષ સુધી શહેરના દરેક ઘરમાં સાહિત્ય પહોંચાડીને શ્રદ્ધાંજલિ અર્પિત કરીશું. બહેનોએ મસ્તક પર જ્ઞાનપોથી લીધી હતી. શાંતિકુંજથી પ્રો.વિશ્વપ્રકાશ ત્રિપાઠીજી, શ્રી સુરેન્દ્ર વર્મા, શ્રી જશવંત રાણા, શ્રી ચંદ્ર પ્રકાશ ભાનુ, શ્રી યશવંત સિંહની ટોળીએ યજ્ઞનું સંચાલન કર્યું હતું. ઋષિ ચેતના દ્વારા પ્રતિપાદિત દિશા નિર્દેશોનો આધાર લઈશું તો સફળતા મળે છે.



દીપયજ્ઞ પ્રસંગે શ્રી પી.આર. ચિરાર દ્વારા સંપાદિત પ્રજ્ઞાપીઠના ૨૫ વર્ષના ઈતિહાસની સ્મારિકાનું વિમોચન કરવામાં આવ્યું.

પૂર્ણાહુતિ પ્રસંગે ‘‘કુરિવાજ નાબૂદી તથા સત્પ્રવૃત્તિ સંવર્ધન’’ પર વિશેષ કાર્યયોજનાને અમલમાં મુકવાનો સંકલ્પ લેવામાં આવ્યો. પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશ્યથી પ્રત્યેક યાજક એક-એક વૃક્ષ લગાવવું અને પ્રત્યેક વિદ્યા-વિસ્તાર સેટની સ્થાપના કરવાનો દૃઢ સંકલ્પ લેવામાં આવ્યો. છેલ્લે શ્રીમતી લક્ષ્મી પાલે આભાર વ્યક્ત કર્યો હતો. ✸

## વ્યક્તિત્વ વિકાસ શિબિર

**ગાયત્રી પરિવાર સુરત**

ગાયત્રી પરિવાર સુરત દ્વારા તા-૨૮ માર્ચના દિવસે એક દિવસની ‘વ્યક્તિત્વ વિકાસ શિબિર’નું આયોજન મોટી બહુચરાજી ગાયત્રી શક્તિપીઠ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરનો ઉદ્દેશ્ય પરમ પૂજ્ય ગુરુદેવના સૂત્ર ‘હમ સુધરેંગે-યુગ સુધરેગા’, ‘હમ બદલેંગે-યુગ બદલેગા’ને આધાર માની જન્મ શતાબ્દીમાં શ્રેષ્ઠ વ્યક્તિત્વોની ભેટ ગુરુસત્તાના ચરણોમાં ચડાવવાના ઉદ્દેશ્યથી આયોજીત કરવામાં આવી. જેમાં વલસાડ, ચીખલી, નવસારી, ઉનાઈ વગેરે આસપાસની શાખા તેમજ પ્રબુદ્ધવર્ગના 300 થી વધારે લોકોએ ભાગ લીધો.

આ શિબિરનું સંચાલન મિશન-ના સમર્પિત તેમજ મનોવિજ્ઞાન વિશેષજ્ઞ ‘શ્રી મુકેશભાઈ દલાલે’ કર્યું. આ શિબિરથી પ્રેરિત પરિજનોએ સ્વયંના સુધાર સાથે જન્મશતાબ્દી માટે સમયદાનના સંકલ્પો લીધા.

આ શિબિરને સફળ બનાવવા માટે સ્થાનિક ગાયત્રી પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## પર્વતીય ક્ષેત્રોમાં યુગ ચિંતનનો વિસ્તાર

**થુરલ-કાંગડા (હિ૦ પ્રદેશ)**

હિરાલાલ ટ્રસ્ટ હૉલ દેહરામાં ગાયત્રી પરિવાર થુરલ દ્વારા આઠ દિવસીય પુસ્તક મેળાનું આયોજન થયું. તેનો શુભારંભ પ્રધાન આચાર્ય શ્રી જી.કે.ભટનાગર દ્વારા થયો અને સમાપન શ્રી કુશળ ઠાકુર (ઔદ્યોગિક વિકાસ નિગમ) મુખ્ય નિર્દેશકની ઉપસ્થિતિમાં થયું. હિમાંચલ પ્રદેશમાં લગાવવામાં આવેલ બીજો પુસ્તક મેળો હતો. જેમાં વિદ્વત સમાજને યુગ સાહિત્યનું મહત્ત્વ સમજીને તેનું અધ્યયન કરવાની પ્રેરણા દરેક મનુષ્યોને આપવામાં આવી. આ જ્ઞાનયજ્ઞમાં શક્તિપીઠ કાર્યવાહક કાંતા ભારદ્વાજ, મધુ શર્મા, થુરલના અજિતસિંહ, શ્યામલાલ ચૌહાણ, ઓમપ્રકાશ રાણા, અનિલ રાણાએ મુખ્યત્વે આહુતિઓ સમર્પિત કરી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે થુરલ-કાંગડા (હિમાંચલ)ના ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

**ગાયત્રી ઉપાસના રાષ્ટ્રીય જ નહીં, સાર્વભૌમ ઉપાસના છે. એની ઉપેક્ષા ઋષિઓની દૃષ્ટિમાં એક ધર્મ-અપરાધ માનવામાં આવ્યો છે**

# લોકહિતના કાર્યોમાં વિભૂતિવાનોની વધી રહેલી ભાગીદારી

## મનીમાજરાના પરિજનોએ નવા વર્ષ વિક્રમ સંવત્ (૨૦૬૭)નું સ્વાગત ગાયત્રી મહાયજ્ઞ સાથે કર્યું

**મનીમાજરા, ચંડીગઢ (યુ.ટી.)**

મનીમાજરામાં જુના (પુરાના) એન.એ.સી.ની નજીક સ્થાનિક પરિજનો દ્વારા નવા વર્ષ (વિક્રમ સંવત) ૨૦૬૭નું સ્વાગત ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ગ્રામજનો સિવાય વેપારી- ઓએ ખૂબ રસ લીધો. સર્વે -જનોનું માનવું છે કે નવા વર્ષે આધ્યાત્મિક પૂજા-અર્ચના અને ગાયત્રી મહા યજ્ઞ કરવાથી વેપાર ધંધો ફૂલે ફાલે છે.



કાર્યક્રમના મુખ્ય અતિથિ ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી સંજય ટંડન સપરિવાર હાજર રહ્યા. તેમણે કહ્યું કે પશ્ચિમી સભ્યતાને કારણે આપણે આપણી મૂળ પરંપરાઓને ભૂલી રહ્યા છીએ. આજે સૌથી વધુ આવશ્યકતા બાળકોમાં ઋષિ પ્રેરિત સંસ્કાર પરંપરાની છે. આ દિશામાં ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવતો પ્રયાસ વખાણવા લાયક છે. જેની અંતર્ગત ૨૫ ઘરોમાં દેવ સ્થાપના કરવામાં આવી.

આયોજક શ્રી રામ શરણ શર્મા, શ્રી વેદ પ્રકાશ શર્મા, શ્રી કંવલ સિંહ વગેરેએ સંગીત, કર્મકાંડ તથા પ્રવચનના માધ્યમથી યુગ નિર્માણના સંદેશાને વિસ્તારથી બતાવ્યો. યજ્ઞમાં ભારત વિકાસ પરિષદ, સૈની સમાજ, સેન સમાજ, ધીમાન સમાજ, ગુરુ દ્વારા પ્રબંધક કમીટીએ ભાગ લીધો. ✹

## જન્મશતાબ્દી વર્ષમાં ગુરુગીતા કથાનું આયોજન

**ઈટાદરા(માણસા-ગાંધીનગર)**

તા-૧૧ થી ૧૫ એપ્રિલના દિવસે ઈટાદરા તા-માણસામાં ગુરુગીતાનુ ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. માણસા શક્તિપીઠની બાજુમાં ૭ કી.મી. દૂર આવેલ ઈટાદરા ગામમાં ગાયત્રી પરિવારની એકપણ વ્યક્તિ નથી, પરંતુ મૂળ ઈટાદરાના હાલના અમદાવાદમાં રહેતા ગીતાબેન તથા ગોપાલભાઈ અમદાવાદની કથામાંથી પ્રેરણા લઈને સંકલ્પ કર્યો કે આવી સુંદર કથાનુ આયોજન હું મારા ગામમાં કેમ ન કરૂ? અને તેમનો સંકલ્પ પૂરો પણ થયો, તેઓ અમદાવાદ માનવમિત્ર સમાચારના માલિક છે અને ભગવદ્ પ્રિય છે.

પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, દરરોજ ૨ થી ૫ હજાર લોકો દરરોજ કથા શ્રવણ કરવા આવતા હતા.

કથાની સૌથી મોટી ફલશ્રુતિએ રહી કે આ ગામમાં ૮૦ ઘરોમાં દેવસ્થાપના સંપન્ન થઈ, બાળ સંસ્કાર કેન્દ્ર ચાલુ કરવાના સંકલ્પો લેવામાં આવ્યા અને તેની જવાબદારી માણસા શક્તિપીઠને સોપવામાં આવી,

આવી કામગીરી જોઈને માણસા ગાયત્રી શક્તિપીઠના વડીલ પૂંજીરામ -કાકાએ ખૂબજ ગદ્ગદીત થઈને કહ્યું કે શક્તિપીઠથી નજીકનું આ ગામ છે, પરંતુ અમે નથી કરી શક્યા અને ફક્ત પાંચ દિવસમાં પરમ પૂજ્ય ગુરૂદેવના દિવ્ય વિચારોનું બીજારોપણ કરી દીધું, એ જોઈને અમને ખૂબજ આનંદ થયો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોપાલભાઈ તથા ગીતાબેને ખૂબજ મહેનત કરી હતી, સમગ્ર કાર્યક્રમનો ખર્ચ પોતેજ ઉપાડ્યો હતો, તેમજ અમદાવાદથી જગદીશ ભાઈ તેમજ માણસા ગાયત્રી શક્તિપીઠના સર્વે પરિજનોનો સહકાર પ્રશંસનીય રહ્યો હતો. ✹

## શ્રીમદ ભાગવત કથાનું ભવ્ય આયોજન

**નારણપુરા (અમદાવાદ)**

અમદાવાદમાં સાધ્વી ઋતંભરા-જી દ્વારા શ્રીમદ્ ભાગવત્ કથાનું આયોજન તા-૨૩ એપ્રિલ થી તા-૨૯ એપ્રિલ સુધી રાખવામાં આવ્યું હતું. કળશયાત્રામાં પરિવાર-ની બહેનોને જોડાવવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કળશયાત્રામાં રાણીપ, નારણપુરા, સોલા રોડ, ઘાટલોડિયા જેવા વિસ્તારોની ૧૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય તેમજ યુગ શક્તિ ગાયત્રી, અખંડ જ્યોતિ વગેરે પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. તેની સાથે સાથે ગાયત્રી મહામંત્ર લેખન માટે ૨૪૦૦ મંત્રોની ૭૦૦ થી ૮૦૦ જેટલી નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત બલિવૈશ્વ ગાયત્રી મહાયજ્ઞની ૭૦૦૦ જેટલી પત્રિકાઓ બહેનોએ રૂબરૂમાં દરેકને સમજાવીને વહેંચી હતી.



પરિવારની બહેનો સાધ્વી ઋતંભરાજીને રૂબરૂમાં મળીને સ્વસ્તિવાચન, ગાયત્રી મંત્ર બોલીને ઉપવસ્ત્રથી સન્માન કર્યું હતું. તેમજ હિન્દીમાં વેદોનો દિવ્ય સંદેશ અને વાંગ્મય સાહિત્ય ભેટ આપ્યું હતું.

ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પધાર્યા હતા. ઉદ્ઘાટન દરમ્યાન સંતો-મહંતોને મળીને તેમનું સ્વાગત કર્યું હતું. જેમાં ગાયત્રી પરિવાર ઉપવસ્ત્ર ઓઢાડીને સ્વાગત કર્યું ત્યારે પ્રતિક્રિયા રૂપે પ્રસન્ન ચિત્તે જય ગાયત્રી બોલીને ઉપવસ્ત્રનો સ્વીકાર કર્યો હતો. ✹

## સમાજને દિશા આપતી બહેનોનું સન્માન

**અંધેરી-મુંબઈ (મહારાષ્ટ્ર)**

અંધેરીના મેયર્સ હૉલમાં તા-૭ માર્ચના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં **'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે...'** કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. ગાયત્રી જ્ઞાન કેન્દ્ર અંધેરી દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં સમાજ, રાજનીતિ, પત્રકારિતા, પ્રશાસન, કળા, અભિનય, શિક્ષણ, ચિકિત્સા વગેરે ક્ષેત્રો સાથે જોડાયેલ લગભગ ૪૦ યશસ્વી બહેનોનું સન્માન કરવામાં આવ્યું. આ બહેનોના ઉલ્લેખનીય કાર્યોનો પરિચય આપ્યા પછી તેમને શૉલ, શ્રીફળ, પુષ્પગુચ્છ અને સ્મૃતિ ચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમનો શુભારંભ યુગ સંગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે થયો. કુ.સુચિતાએ મિશનનો પરિચય આપ્યો. સુશ્રી ગીતા શર્માએ મહિલા જાગૃતિની બાબતમાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચાર રજૂ કર્યા. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રીમતી આભાસિંહ-ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસેસ, ડૉ.સૂર્યબાળા-પ્રસિદ્ધ કથાકાર તેમજ ઉપન્યાસકાર તથા ડૉ.સીમા મલિક-મુંબઈ સબર્બનની ચીફ મેડિકલ સુપ્રીન્ટેન્ડેન્ટે ઉપસ્થિત ૫૦૦ શ્રોતાઓની સમક્ષ પ્રગતિશીલ નારીને દિશા-પ્રેરણા પ્રદાન કરી.




## ગામે-ગામ થઈ રહેલ નશા નાબૂદીનો ઉદ્ઘોષ

**મુજફ્ફરપુર (બિહાર)**

મુજફ્ફરપુર યુવા મંડળે એક વિશાળ વ્યસન મુક્તિ રેલીનું આયોજન રાખ્યું હતું. આ આયોજન -ના મુખ્ય સંયોજક ડૉ.શ્રીકાંત ભટ્ટ ના જણાવ્યા અનુસાર એમાં જિલ્લાના ૧૬ તાલુકાઓના ૬૦૦ મુજફ્ફરપુર જિલ્લા'નો સંકલ્પ લીધો અને તમામ પ્રતિભાગી યુવકોને આને ચરિતાર્થ કરવામાં પૂરેપૂરો સહયોગ કરવાનો સંકલ્પ કરાવ્યો.

રેલીમાં બેનર, પોસ્ટર, સૂત્રોચ્ચારથી સમાજને પ્રભાવશાળી પ્રેરણાઓ પ્રદાન કરવામાં આવી. સામાન વેચવાવાળાનો વિવેક જગાડી તેને આ સામાન ન વેચવાની સલાહ આપવામાં આવી.

રેલીની અપાર લોકપ્રિયતાએ આયોજકોનો ઉત્સાહ વધાર્યો. પ્રત્યેક તાલુકામાં આવી રેલીઓ કાઢવાનો સંકલ્પ ઉમટ્યો. તા-૩૧ મે-૨૦૧૦



યુવા કાર્યકર્તાઓએ પૂરા ઉત્સાહની સાથે ભાગ લીધો હતો.

સ્થાનિય વરિષ્ઠ કાર્યકર્તા ડૉ. અશોક કુમાર, પ્રો.નરેન્દ્રસિંહ, શ્રી લલિતેશ્વર પ્રસાદ શાહીએ સર્વપ્રથમ મશાલ પ્રગટાવીને 'વ્યસનમુક્ત આયોજકોએ ખૂબ જ કુશળતા સાથે નુક્કડ નાટક ભજવતાં જણાવ્યું કે કેવી રીતે દરેક વર્ગ નશાના ચુંગાલમાં ફસાય છે અને પછી કેટલું ભયંકર પરિણામ ભોગવે છે. રેલી મુખ્ય શહેરમાં પસાર થઈ. નશીલા રોજ તમાકુ નિષેધ દિવસ પર 'નશા મુક્ત સમાજનું નવ નિર્માણ' વિષય પર એક સર્વધર્મ સંમેલનનું આયોજન રાખવા નિર્ણય લેવામાં આવ્યો.

**દમોહ (મધ્યપ્રદેશ)**

ઉપઝોન દમોહના પ્રભારી શ્રી આર.એસ.દ્વિવેદીની અધ્યક્ષતામાં તા-૨૮ ફેબ્રુઆરીના રોજ વ્યસન મુક્તિ પર એક બેઠક રાખવામાં આવી હતી. એમાં જન્મશતાબ્દી વર્ષમાં વ્યસનમુક્તિ આંદોલનને વિશેષ ગતિ પ્રદાન કરવા માટે સર્વશ્રી પંકજ હર્ષ શ્રીવાસ્તવ, શ્રી અર્જુન લાલ પટેલ, શ્રી પ્રેમનારાયણ અસાટી, શ્રીમતી વિનીતા સક્સેના, શ્રીમતી દુર્ગેશ મિશ્રા વગેરે સમસ્ત કાર્યકર્તાઓએ એકમતથી સહયોગ અને સક્રિયતાનું આશ્વાસન આપ્યું.

હોળીકા દહનના ઉપલક્ષ્યમાં ઘંટાઘર ચાર રસ્તા પર જબરદસ્ત નશા વિરોધી પ્રદર્શન કરવાની સાથે ગંદા ચિત્રોની હોળી સળગાવવામાં આવી. આ અવસર પર ઉત્સાહી યુવકોએ દહેજ વિરોધી અભિયાન ચલાવવા તથા સ્વયં દહેજ વગર વિવાહ કરવાના સંકલ્પ લીધા. શ્રી કુલદીપ મિશ્રા, શ્રી અનૂપ શ્રીવાસ્તવ, શ્રીમતી વિનીતા સક્સેનાએ દીવાલ લેખન કરવાનો સંકલ્પ લીધો. ✹

## પોલીસ વિભાગની પહેલનું સ્વાગત કર્યું

**નાંદેડ (મહારાષ્ટ્ર)**

નાંદેડના પોલીસ અધીક્ષક શ્રી સચ્ચિદાનંદ ચૌધરીએ નગરના પાંચ પોલીસ સ્ટેશનો પર મહિલા અધિકારીઓની નિયુક્તિ કરી એક અનોખી પહેલ કરી. ગાયત્રી પરિવારે નારી સશક્તિકરણની આ પહેલનું સ્વાગત કર્યું. શ્રી વસંત બરાડકરના નેતૃત્વમાં સૌ. નવગાળે, સૌ.ગાજરે, સૌ.મામડેની ટોળી પ્રત્યેક પોલીસ સ્ટેશન પર પહોંચી અને યુગ સાહિત્ય-સત્સંકલ્પ પત્ર ભેટ આપી અધિકારીઓનું અભિવાદન કર્યું. ✹

## સત્સંકલ્પ બની ગયો જીવન મંત્ર

**રામાનુજગંજ (છત્તીસગઢ)**

''અમો પોતાને સમાજનું એક અભિન્ન અંગ માનીશું અને સૌના હિતમાં પોતાનું હિત સમજીશું.''

પરમ પૂજ્ય ગુરુદેવનો આ જ સત્સંકલ્પ શ્રી જયપ્રકાશ સર્રાફના જીવનનું સૂત્રવાક્ય બની ગયું છે. છેલ્લા થોડાક વર્ષોથી પોતાના જ્વેલરીનો કારોબાર બાળકોને સોંપીને પૂર્ણ સમર્પણ સાથે મિશનની સેવામાં સમર્પિત થઈ ચૂકેલા વાનપ્રસ્થી શ્રી જયપ્રકાશ સર્રાફે જ્ઞાન વિસ્તાર તેમજ લોક આરોગ્યને પોતાની સક્રિયતાનું કેન્દ્ર બનાવ્યું છે. તેઓ દરરોજ વિદ્યાલય, જેલ, મંદિર, સરકારી ઓફિસમાં જાય છે અને 'યુગઋષિના સાનિધ્યમાં' પુસ્તકનો એક પાઠ વાંચી, સંભળાવીને, એની વ્યાખ્યા કરે છે. તેઓ સ્થાનિય સામુદાયિક કેન્દ્રના દર્દીઓની પણ ભરપૂર સેવા કરી રહ્યા છે. ✹

**આળસુ અને પ્રમાદી ધરતીનો ભાર છે.**

**કોણે કેટલી ઉન્નતિ કરી એની સાચી કસોટી એ છે કે એ મનુષ્યનો દૃષ્ટિકોણ અને સ્વભાવમાં કેટલો પરિષ્કાર થયો**

# શાંતિકુંજમાં યોજાયેલ આંધ્રપ્રદેશ તથા પં.બંગાળની સંજીવની સાધના શિબિર

ગાયત્રી તીર્થ શાંતિકુંજમાં તા-૨૯ એપ્રિલથી તા-૭ મે સુધી આંધ્રપ્રદેશ તથા તા-૧ મેથી તા-૯ મે સુધી પં.બંગાળના પરિજનોની નવ દિવસીય સંજીવની સાધના શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં આંધ્ર પ્રદેશના પૂર્વી ગોદાવરી, હૈદરાબાદ, સિકન્દરાબાદ, પ્રકાશમ્, વિજયનગરમ્, ખમ્મમ, વિશાખાપટ્ટનમ્, અનંતપુર, નિજામાબાદ, કડપા, નેલ્લૂર, કરીમપુર, અદિલાબાદ, ગુંટુર, કૃષ્ણા વગેરે જિલ્લાઓ તથા વિલાસપુર (છત્તીસગઢ), વર્ધમાન (પશ્ચિમ બંગાળ) તથા દિલ્હીના લગભગ ૪૦૦ તેલુગુ ભાષી પરિજનોએ તેલુગુમાં તથા પશ્ચિમ બંગાળના ૧૫૦ કાર્યકર્તાઓએ બંગાળી ભાષામાં ગુરુદેવના પાવન સંદેશને શ્રવણ કર્યો. આ શિબિર શાંતિકુંજમાં નિયમિત ચાલતી શિબિર સિવાય સાધના શિબિર હતી.



**સાધના શિબિરમાં સામેલ સાધકગણ તથા સંબોધિત કરી રહેલ વિષય વિશેષજ્ઞ વ્યવસ્થાપક શ્રી ગૌરીશંકર શર્માજી, ડૉ.બૃજમોહન ગૌડજી, શ્રીમતી યશોદા શર્મા તથા શ્રી સુબ્બારાવજી**

સાધકોને સંબોધિત કરતાં આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ કહ્યું કે સાચો આસ્તિક તથા સફળ વ્યક્તિ એ જ છે, જે પોતાની જવાબદારીને સારી રીતે સમજે છે અને કુશળતા સાથે એનો નિર્વાહ કરે છે. સાધનાથી તેને સમજવા અને પૂરી કરવાની શક્તિ મળે છે. પૂણ્ય લાભ તો એ કાર્યનું સુનિશ્ચિત ફળ છે. આદરણીય ડૉ.સાહેબે જન્મશતાબ્દી વર્ષની સફળતા માટે પૂરા મનોયોગ પૂર્વક લાગી જવા આવાહન કર્યું. આદરણીય શૈલબહેને પ્રેમ અને સંવેદનાને વ્યક્તિની સૌથી મોટી શક્તિ જણાવી. તેમણે કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવ તથા પરમ વંદનીય માતાજીએ આના સહારે સુસંસ્કારી ભાવનાશીલોનું આટલું વિરાટ સંગઠન ઉભું કર્યું છે. આપણે આપણી ગુરુસત્તાના જન્મશતાબ્દી વર્ષમાં એમના જણાવેલ નાના-નાના સૂત્રોને અપનાવી વ્યવહારિક જીવનમાં ઉતારવા પડશે, ત્યારે આપણે એમના સાચા શિષ્ય કહેવાશું.

શાંતિકુંજ વ્યવસ્થાપક આદ. શ્રી ગૌરીશંકર શર્માજીએ કહ્યું કે સમાજને નવી દિશા આપવા માટે શ્રવણકુમારની જેમ અંતરાલ ગામડાઓમાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોને પહોંચાડવા પર ભાર આપ્યો. આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજીએ 'યુગઋષિનું સંપૂર્ણ જીવન દર્શન' તથા 'અમારી જવાબદારી' વિષય પર વિસ્તારથી જાણકારી આપી. સૌ પ્રતિભાગીઓએ જન્મ શતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવી રહેલ કાર્યક્રમોને વિસ્તારથી જાણકારી મેળવી તથા પૂજ્યવરના વિચારોને પોતાના પ્રભાવ ક્ષેત્રમાં ફેલાવવા માટે સંકલ્પિત થયા.

સ્ટીકર અભિયાનને ગતિ આપવા માટે શ્રી રઘુનંદન લાહોટી તથા શ્રી દિવ્યેશ વ્યાસે પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી બતાવ્યા. જેમાં પરિજનોની વિશેષ રૂચી રહી.

દક્ષિણ ઝોનના પ્રભારી ડૉ. વૃજમોહન ગૌડ, ડૉ.ઓ.પી. શર્મા, શ્રીમતી શ્રીપર્ણા દત્તા વગેરે વરિષ્ઠ કાર્યકર્તાઓએ શિબિરાર્થીઓને વિભિન્ન વિષયો પર માર્ગદર્શન આપ્યું. શ્રીમતી પ્રશાંતી શર્માએ તેલુગુમાં તથા શ્રીમતી શુભાશ્રીએ બંગાળી ભાષામાં અનુવાદનું કાર્ય સંભાળ્યું હતું.

## દક્ષિણ ભારતના ભાવી કાર્યક્રમ

- **૮ થી ૧૦ જૂન-૨૦૧૦ની તારીખોમાં ગુંટુરમાં ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ**
- **૨૦ થી ૨૧ જૂન-૨૦૧૦ની તારીખોમાં કોત્તપાલયમ-પ્રકાશનમ્ જિલ્લામાં ગાયત્રી શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા તથા ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ**
- **૧૮ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૧૦ની તારીખોમાં હૈદરાબાદમાં વિરાટ યુવા સંમેલન.**
- **૨૨ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૦ની તારીખોમાં તેલુગુ ભાષી પરિજનોનું નવ દિવસીય સંજીવની સાધના શિબિર શાંતિકુંજમાં.**
- **૧ થી ૫ ઓક્ટોમ્બર-૨૦૧૦ની તારીખોમાં બુદ્ધિજીવીઓની વ્યક્તિત્વ પરિષ્કાર શિબિર ગાયત્રી તીર્થ શાંતિકુંજમાં.**
- **૧ થી ૯ સપ્ટેમ્બર-૨૦૧૦ની સુધી તામિલ ભાષી પરિજનોની નવ દિવસીય સાધના શિબિર શાંતિકુંજમાં.**
- **આગામી ઓગસ્ટ-૨૦૧૦ મહિનામાં કન્નડ ભાષામાં નવ દિવસીય સાધના શિબિર શાંતિકુંજમાં.**
- **૨૨ ઓકટોમ્બર-૨૦૧૦ના દિવસે કેરલ રાજ્યના કર્મઠ પરિજનોની ત્રણ દિવસીય કાર્યકર્ત્તા પ્રશિક્ષણ શિબિર શાંતિકુંજમાં.**
- **૨૪ થી ૨૬ ડિસેમ્બર-૨૦૧૦ની તારીખોમાં તિરુવનંતપુરમ્માં ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ તથા સંસ્કાર મહોત્સવ.**

## તેલુગુ શિબિરની ઉપલબ્ધિઓ

- **૧૦૦ લોકો ઝોલા પુસ્તકાલય ચલાવશે.**
- **૪૦ લોકોએ ૪ કલાક તથા ૨૫ લોકોએ ૨ કલાક દરરોજ ગુરુકાર્ય માટે સમયદાન કરશે.**
- **૫૦ પરિજન બાળ સંસ્કાર શાળા ચલાવશે.**
- **૨૩૫ પુસ્તકો તેલુગુ ભાષામાં પ્રકાશિત થશે.**

## પં.બંગાળનો ભાવી કાર્યક્રમ

- **૧૧ થી ૧૯ સપ્ટેમ્બરની તારીખોમાં નવ દિવસીય સંજીવની સાધના શિબિર.**
- **પ્રજ્ઞા અભિયાન તેમજ અખંડ જ્યોતિને ઉપઝોન આરામબાગ ક્ષેત્રના પ્રત્યેક ઘરમાં પહોંચાડવી.**

# ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ

**રંભાપુર-રાયપૂર (મ.પ્ર.)**

ગુરૂદેવની જન્મશતાબ્દિ નિમિત્તે મધ્યપ્રદેશમાં આવેલ રાયપૂર જિલ્લાનું ગામ રંભાપુરમાં લોહાણા સમાજ દ્વારા ૧૧ કુંડી ગાયતરી મહાયજ્ઞ તથા ગુરૂગીતા કથાનું આયોજન તા-૨૬ થી ૩૦ માર્ચના રોજ રાખવામાં આવ્યો હતો.

કથાના પ્રથમ દિવસે શોભાયાત્રા કાઢવામાં આવી, વિવિધ ઝાંખી, આદીવાસી નૃત્ય સાથે શોભાયાત્રા કથાના મંડપમાં આવી હતી. કથાના પ્રથમ દિવસે ગુરૂગીતા કથાનું મહત્વ સમજાવ્યું હતું. આદરણીય ડૉ. સાહેબ દ્વારા લિખિત પુસ્તક ગુરૂગીતામાંથી અનેક દ્રષ્ટાંતો દ્વારા દિવ્ય પ્રેરણા આપવામાં આવી.

કથા દરમ્યાન દરરોજ ૧૧ કુંડી યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. કથાના ત્રીજા દિવસે આદિવાસી વિસ્તારના સમૂહ લગ્ન સંપન્ન કરવામાં આવ્યા, તેમજ લોહાણા સમાજ દ્વારા સૌ પ્રથમ નાના ભૂલકાઓના યજ્ઞોપવીત સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યા, ઉપરાંત ૯૦ જેટલા પરિજનોનાં દિક્ષા સંસ્કાર સંપન્ન થયા હતા.

કથાની ફલશ્રૃતિમાં આ સમાજ ગાયત્રી પરિવારથી બીલકુલ અપરિચિત હતો, પરંતુ ગુજરાત બોર્ડરના આ ગામમાં અનાસ, દાહોદ તેમજ લીમડીના પરિજનોના અથાગ પ્રયાસથી આયોજન ખૂબજ સફળ રહ્યું, સમાજમાં વ્યાપેલ કુરિવાજો દુર કરવા માટે સંકલ્પો લેવડાવ્યા હતા તેમજ ગામમાં સ્વાઘ્યાયકેન્દ્રો ચાલુ કરવાના સંકલ્પો લેવડાવ્યા હતા. આ કથાના માધ્યમથી અનેક યુવાનો મિશનમાં જોડાયા હતા.

કથામાં ૫૦ હજાર રૂપિયાની કિંમતનું બ્રહ્મભોજ સાહિત્યનું વેચાણ થયુ, ૧૭૫ ઘરોમાં દેવ-સ્થાપના કરવામાં આવી.

અનાસના શ્રી ભરતભાઈ હાડા, ગોમાભાઈ, ગીતાબેન તેમજ મેઘનગરના બહાદુરભાઈ વિગેરેનો પ્રયાસ ખૂબજ પ્રશંસનીય રહ્યો હતો, કથાના માધ્યમથી નવી યુવા ટીમ જેમાં રાજેશભાઈ, સંગીતાબેન તેમજ રોહીતભાઈ, સુનિલભાઈ વિગેરે યુવાનો તૈયાર થયા હતા.

આ કથાના માધ્યમથી રંભાપુરના લોકોમાં નવો ઉત્સાહ, ઉમંગ જોવા મળ્યો હતો. તમામ લોકોએ આ કથામાં ભાગ લઈને પોતાને ધન્ય થયાનો અનુભવ કર્યો.

## સચિવોએ જાણ્યું યજ્ઞનું મહત્ત્વ

**શિમલા (હિમાંચલ પ્રદેશ)**

**ગયા વર્ષે સચિવાલય પરિસરમાં થયેલ ગાયત્રી મહાયજ્ઞની સફળતાથી પ્રભાવિત રાજ્ય સરકારના સચિવાલયમાં નિર્મિત ધર્મસભા દ્વારા આ વર્ષે પણ ૨૨ માર્ચે ત્રણ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. યજ્ઞ સંચાલકોએ યુગ નિર્માણ તથા જન્મશતાબ્દીના કાર્યક્રમોની વિસ્તૃત જાણકારી આપી. એમાં ભાગ લેનાર બધા જ યાજકોએ ધ્યાન પૂર્વક સાંભળ્યું અને કાર્યક્રમના ખૂબ જ વખાણ કર્યા.**

**યજ્ઞથી પ્રભાવિત થયેલ સચિવાયલયની ધર્મસભાએ દર વર્ષે ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવાનો સંકલ્પ લીધો. લોકોનું માનવું છે કે આવા આયોજનનોમાં મળેલા સૂત્રોનો અમલ કરવાથી કાર્યકુશળતા વધી રહી છે. તેમજ સમાજમાં પણ સકારાત્મક પરિણામો જોવા મળે છે. આ યજ્ઞમાં બે સચિવ-શ્રીઓ (કાનુન તથા એસ.એ.ડી.) તેમજ સંયુક્ત સચિવ (કાર્મિક તથા વન), વિભાગીય અધિકારી સહિત અનેક કર્મચારીઓ પરિવાર સામેલ થયા હતા.**

## ગાયત્રી તપોભૂમિમાં માતા સરસ્વતી શિબિર

**પ્રથમ શિબિરઃ-તા-૦૩ જૂન થી તા-૧૦ જૂન સુધી**
**(માત્ર ૧૬ વર્ષથી મોટા છોકરાઓ માટે)**
**દ્વિતીય શિબિરઃ-તા-૧૪ જૂનથી તા-૨૧ જૂન સુધી**
**(માત્ર ૧૬ વર્ષથી મોટી છોકરીઓ માટે)**

**ગાયત્રી તપોભૂમિ મથુરામાં આ વર્ષે પણ ઉનાળુ વેકેશનમાં છાત્ર-છાત્રાઓ, યુવક-યુવતીઓ માટે માતા સરસ્વતી શિબિરોનું આયોજન રાખવામાં આવ્યું છે. આ શિબિરોમાં રાષ્ટ્રીય સમસ્યાઓના સમાધાનમાં યુવાઓનું યોગદાન, જીવન જીવવાની કળા, વ્યક્તિત્વ પરિષ્કાર, પ્રતિભા સંવર્ધન, સ્વાસ્થ્ય સંવર્ધન તેમજ યોગાસન પ્રાણાયામનું વ્યવહારિક તાલીમ આપવામાં આવશે. છોકરા તેમજ છોકરીઓ પોતાના વાલીઓની સાથે આવી શકે છે. વાલીઓ આ દિવસોમાં સાધના શિબિરમાં ભાગ લઈ શકે છે.**

**એક ગ્રામ, કૉલોની, મહોલ્લાના છાત્ર-છાત્રાઓ એક સાથે એક વાલીની સાથે અથવા એક વિદ્યાલયના છાત્ર-છાત્રાઓ પોતાના શિક્ષકની સાથે આવી શકે છે. મોટા છાત્ર-છાત્રાઓ એકલા અથવા ગ્રુપમાં આવી શકે છે. વાલીઓની લિખીત મંજુરી જરૂરી છે. શિબિરમાં ઉતારો, ભોજન, વિજળી, પાણી, પાથરણાની વ્યવસ્થા આશ્રમ તરફથી રહેશે. પોતાની સાથે બે નાની ચાદર, મંજન, કાંસકો, તેલ, સાબુ વગેરે લઈને આવે. છોકરીઓ ઢીલા, સાદા કપડાં લઈને આવે. સ્કર્ટ, જીન્સ પહેરવાની સખ્ત મનાઈ છે. છોકરાઓ ઢીલા લેંઘો-ઝભ્ભો અથવા ઢીલા પેન્ટ, શર્ટ પહેરવા, જેથી યોગાસન, પ્રાણાયામમાં સુવિધા રહે. શિબિરમાં તમામ કાર્યક્રમોમાં ભાગ લેવો અનિવાર્ય છે. મથુરા, વૃંદાવન ફરવા માટે શિબિર પછી એક દિવસ રોકાઈ શકે છે. શિબિર શરૂ થાય તે પહેલાં એક દિવસ પહેલાં સાંજ સુધી પહોંચી જવું. શિબિર દરમ્યાન આશ્રમની બહાર જવાની સખ્ત મનાઈ છે. આશ્રમની મર્યાદાનું ધ્યાન રાખવું જરૂરી છે. પૂર્વ મંજૂરી અવશ્ય મંગાવી લે.**

**સંપર્ક સૂત્રઃ-ગાયત્રી તપોભૂમિ મથુરા, (ઉત્તર પ્રદેશ)૨૮૧૦૦૩**
**ફોન-૦૫૬૫-૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯, ફેક્સ-૨૫૩૦૨૦૦**

**ધન્ય છે એ લોકો જેમનું જીવન પરોપકાર માટે હવન કુંડમાં સમિધા બનીને બળી જાય છે.**

# પીડિતોને શાંતિકુંજ તરફથી મળેલી સૌ પ્રથમ વસાહત

ઉત્તરકાશી જિલ્લાનું સીદરી ગામ ભીષણ અગ્નિકાંડના લપેટમાં આવી ગયેલ. ૩૯ ગોવાળીયા સહિત ૨૬ ઘર બળીને ભડથું થઈ ગયા. જેમની પાસે શરીર પરના કપડા સિવાય બીજું કશું જ નહોતું એવા ૫૧ પરિવાર આંશિક રૂપે અગ્નિકાંડનો ભોગ બન્યા હતા. હંમેશાની જેમ પ્રથમ સૂચના મળતા જ શાંતિકુંજની આફત પ્રબંધનની ટીમ રાહત સામગ્રી સાથે પહોંચી. પીડિતોને સહાયતા સામગ્રી સાથે હિંમત આપી પાછી ફરી. શાંતિકુંજના આઠ સદસ્યવાળું દળ શ્રી કામતા શાહુના નેતૃત્વમાં ત્રીજે દિવસે સીદરી ગામે પહોંચ્યું હતું. ત્યાં હજી અગ્નિની જ્વાળાઓ શાંત થઈ ન હતી, તેવા સમયે મુખ્યમંત્રીએ ત્યાં પહોંચી સરકારી સહાયતાનું આશ્વાસન આપ્યું. એક અન્ય સંગઠન પણ ગયું, જેણે ખાદ્યસામગ્રી આપી. પરંતુ અગ્નિકાંડથી પીડિત ગ્રામવાસીઓ પાસે ત્રીજા દિવસ સુધી એ સંવેદના લઈને કોઈ પહોંચ્યું નહોતું, જે તેમના આંખના આંસુ લુછી શકે.

સૌથી પહેલા શાંતિકુંજના કાર્યકર્તાઓ પીડિત પરિવાર સુધી પહોંચ્યા, સળગતા ઘર જોયા, તેમની વ્યથા સાંભળી, દરેક ગ્રામવાસીઓને એક સાથે બેસાડી આ વિકટ પરિસ્થિતિઓમાંથી બહાર આવવા માટે સામૂહિક મૌન પ્રાર્થના કરાવી. શ્રી કામતાજીએ વ્યવહારિક માર્ગદર્શન આપતાં કહ્યું કે અમે જે રાહત સામગ્રી લાવ્યા છીએ તે તમારી જ છે. જે તમારી જેવા શ્રદ્ધાળુઓ દ્વારા એકત્રિત થયેલી છે. અમે અથવા અમારા જેવું કોઈ પણ સંગઠન



ફક્ત પ્રાથમિક સહાયતા કરી શકે છે, પરંતુ ગામવાસીઓના સામૂહિક પ્રયાસથી જ પીડિત સમાજને ફરી પાછો જીવંત કરી શકાશે. તેમણે દરેકને સાંત્વના આપી, ધૈર્ય અને હિંમત બંધાવી અને સાથે લઈ ગયેલ રાહત સામગ્રી દરેક સુધી પહોંચાડી. આ સેટમાં તંબુઓને ઢાંકવા તાડપત્રી, ધાબળા, સાડી સેટ, ઝભ્ભો-લેંઘો, બાળકોના કપડા, ચોખા, દાળ, ઘઉં, મસાલા, ખાંડ, ચા પત્તી જેવી વસ્તુઓ હતી. આવા ૪૦ સેટ સામગ્રી વસાહત માટે આપવામાં આવી હતી.

સીદરી ગામ એક સંપન્ન ગામ છે, અગ્નિકાંડથી પીડિત ગામવાસીઓ એટલા બેસુધ થઈ ગયા હતા કે તેમને તેમના ઘરોમાં રાખેલા સોના-ચાંદીના ઘરેણાનું પણ ધ્યાન ન રહ્યું. સળગતા ઘરનું નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યારે શાંતિકુંજના એક કાર્યકર્તાના

**ચીનની સીમા સાથે લાગેલ ગામમાં થયો હતો અગ્નિકાંડ**
**પીડિતોની સહાયતા માટે મુખ્યમંત્રી પણ પહોંચ્યા હતા.**

હાથમાં ચાંદીનું એક આભૂષણ મળ્યું અને તેને મકાન માલિકને આપતાં કહ્યું, કે તમારી સોના-ચાંદીની વસ્તુઓ તમારા ઘરમાંથી શોધી લો, જે તમારા ભવિષ્ય માટે સહાયક બનશે.







પ્રજ્ઞા મંડળ બાડકોટના શ્રી રામ આસરેજીની ટોળીએ શાંતિકુંજ દળ સાથે રહી પ્રત્યેક કાર્યમાં સહયોગ કર્યો છે.

શાંતિકુંજે જ સૌથી પહેલા લોકોને વસાહત આપી એ વિશ્વાસ આપ્યો કે તમો એકલા નથી, આવી સંકટની ઘડીઓમાં પૂરો સમાજ તમારી સાથે છે. તેમણે આદરણીય જીજી, આદરણીય ડૉ.સાહેબ તેમજ આફત પ્રબંધનના પ્રભારી શ્રી ગૌરીશંકર શર્માજીનો હૃદયસ્પર્શી શાંત્વના સંદેશ પણ આપ્યો. આ દળમાં શ્રી નરેન્દ્રસિંહ, હેમંત શાહુ, રામદાસ રઘુવંશી, દયાનંદ ચૌહાણ, દયાનંદ યાદવ, ગોપાલ ધ્રુવ તેમજ જયકુમાર સામેલ હતા.


# દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય

स्थापना वि. स. २०५८-५९

ગાયત્રીકુંજ-શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાખંડ)૨૪૯૪૧૧

ઉત્તરાખંડ રાજ્ય દ્વારા સ્થાપિત તથા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત તથા શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા સંચાલિત

## જુલાઈ-૨૦૧૦ થી શૈક્ષણિક પાઠ્યક્રમ

### સ્નાતકોત્તર પાઠ્યક્રમ (૨ વર્ષ)

✦નૈદાનિક મનોવિજ્ઞાન (એમ.એ./એમ.એસ.સી.)
✦યોગવિજ્ઞાન તથા સમગ્ર સ્વાસ્થ્ય (એમ.એસ.સી.)
✦વ્યવહારિક યોગ તથા માનવ ઉત્કર્ષ (એમ.એ.) ✦ભારતીય સંસ્કૃતિ (એમ.એ.)
✦પર્યટન અધ્યયન (એમ.એ.)
✦એપ્લાઈડ એજ્યુકેશન (એમ.એ.)
✦પત્રકારત્વ તથા લોકસંપર્ક (એમ.એ.)
✦કોમ્પ્યૂટર વિજ્ઞાન (એમ.એસ.સી.)

**યોગ્યતાઃ-**(૧)તમામ વિષયોમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ માન્યતા મેળવેલ વિશ્વવિદ્યાલયના સ્નાતક હોવું જરૂરી છે. **(૨)** ઓછામાં ઓછામાં ૫૦ ટકા માર્કસ સાથે પાસ થવું જરૂરી છે. **(૩)** ઉપરોક્ત પાઠ્યક્રમ માટે વધારેમાં વધારે ઉંમર-૩૦ વર્ષ હોવી જોઈએ. **(૪)** યોગવિજ્ઞાન તથા સમગ્ર સ્વાસ્થ્યમાં પ્રવેશ માટે બાયો ગ્રુપ અનિવાર્ય છે.

### પી.જી.ડિપ્લોમા પાઠ્યક્રમ (૧ વર્ષ)

◎ માનવીય ચેતના તથા યોગ ચિકિત્સા
◎ પત્રકારત્વ તથા લોકસંપર્ક
◎ યોગથેરેપી તથા સ્પ્રિચુઅલ કાઉંસલિંગ
◎એડવાન્સ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કાઉન્સિલિંગ એન્ડ ગાઈડેન્સ (**યોગ્યતા-** સ્નાતકોત્તર યોગ તથા મનોવિજ્ઞાન)

**યોગ્યતાઃ-(૧)** ઉપરોક્ત વિષયોમાં સ્નાતકમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્કસ હોવા જરૂરી છે. **(૨)** ઉપરોક્ત પાઠ્યક્રમ માટે વધુમાં વધુ ઉંમર ૩૦ છે.

◎એડવાન્સ યુ.જી.થ્રી.ડી. એનિમેશન એન્ડ વિઝુઅલ ઈફેક્ટસ
◎ યુ.જી.થ્રી.ડી.એનિમેશન એન્ડ વિઝ્યુઅલ ઈફેક્ટસ

**યોગ્યતાઃ-(૧)**ઉપરોક્ત વિષયોમાં **૧૦+૨** પ્રણાલીમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્કસ હોવા જરૂરી છે.
**(૨)** ઉપરોક્ત પાઠ્યક્રમ માટે વધારેમાં વધારે ઉંમર ૨૨ વર્ષ છે.

### પંચવર્ષીય ઈંટીગ્રેટેડ પાઠ્યક્રમ
### સ્નાતક (૩ વર્ષ) સ્નાતકોત્તર (૨ વર્ષ)

**બી.એ.**
▶યોગ વિજ્ઞાન તથા માનવ ચેતના,
▶મનો વિજ્ઞાન
▶ભારતીય સંસ્કૃતિ
▶પર્યટન અધ્યયન
▶શિક્ષણ શાસ્ત્ર
▶સંસ્કૃતઅંગ્રેજી સાહિત્ય
▶સંસ્કૃત

**બી.એસ.સી.-**
★ માનવીય ચેતના તથા યોગ વિજ્ઞાન
★ગણિત ★મનોવિજ્ઞાન
★કોમ્પ્યૂટર એપ્લિકેશન

**અનિવાર્ય વિષય :** **૧.** જીવન પ્રબંધન **૨.** વૈજ્ઞાનિક અધ્યાત્મ વાદ **૩.** અંગ્રેજી કોમ્યુનિકેશન સ્કિલ અથવા સંસ્કૃત કોમ્યુનિકેશન સ્કિલ

**યોગ્યતા : (૧)** ૧૦+૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ હોવા જરૂરી છે. **(૨) આયુ સીમા :** વધુમાં વધુ ૨૨ વર્ષ

### પ્રમાણપત્ર પાઠ્યક્રમ (૬ માસ)

● સમગ્ર સ્વાસ્થ્ય પ્રબંધન
● ગ્રામ્ય વહીવટ તથા ઉદ્યમિતા વિકાસ
● ધર્મવિજ્ઞાન
● યોગ તથા વૈકલ્પિક ચિકિત્સા
● જ્યોતિષ પિયુષ
● જલ સંસાધન અને નદી પ્રબંધન

**યોગ્યતા** :(૧) દરેક પ્રમાણપત્ર પાઠ્યક્રમો માટે **૧૦+૨** પ્રણાલીમાં પાસ થવું જરૂરી છે. (૨) આયુ સીમા : વધુમાં વધુ ૩૦ વર્ષ, (૩) માત્ર ગ્રામ વહીવટ અને ધર્મવિજ્ઞાન પ્રમાણપત્ર માટે જો આવેદકે એક વર્ષથી પાંચ વર્ષ સુધી કોઈપણ રજીસ્ટ્રેશન થયેલ સંસ્થામાં સેવાકાર્ય કરેલ હશે તો આયુસીમામાં એટલા વર્ષ માટેની છૂટ આપવામાં આવશે.

**સંપર્ક સૂત્ર :** કુલસચિવ, દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય, ગાયત્રી કુંજ-શાંતિકુંજ, હરિદ્વાર ઉત્તરાખંડ-૨૪૯૪૧૧
ફોન : ૯૧-૧૩૩૪-૨૬૧૩૬૭, ૨૬૧૪૮૫ (એક્સટેંસન : ૫૪૦૫, ૫૪૦૯, ૫૪૩૬)
મોબાઈલ : ૯૩૫૮૧૧૯૯૧૯, ૯૩૫૮૨૩૦૭૩૧, ૯૭૨૦૧૦૬૨૧૫, ૯૩૬૮૫૦૧૩૦૧
ફેક્સ : ૯૧-૧૩૩૪-૨૬૦૮૬૬
website-www.dsvv.org,
email - registrarTdsvv.org

### મહત્વપૂર્ણ - તારીખો

➢આવેદન પત્ર મેળવવાની તારીખઃ- તા-૧૨ એપ્રિલ ૨૦૧૦ થી તા-૧૦ જુન-૨૦૧૦ સુધી
➢આવેદનપત્ર જમા કરાવવાની અંતિમ તા-૧૦ જુન ૨૦૧૦
➢તથા લેટ ફીની સાથે તા- ૧૨ જુન ૨૦૧૦
➢લેટ ફી ૫૦/-રૂપિયા પ્રતિદિન પ્રમાણે જમા કરવી પડશે.

### વિવરણ પુસ્તિકા/ આવેદન ફોર્મ માટે

**વિશેષ નોધ :-** નિર્દેશ પુસ્તિકા અરજી પત્ર સહિત કાર્યાલયમાં રૂા.૧૦૦।- (એકસો રૂપિયા માત્ર) અને ટપાલ દ્વારા રૂા.૧૫૦।- (એકસો પચાસ રૂપિયા માત્ર)નો બેંક ડ્રાફ્ટ કુલસચિવ, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, શાંતિકુંજ, હરિદ્વારના નામે મોકલીને મંગાવી શકાય છે. આવેદન પત્ર વિશ્વ વિદ્યાલયની વેબસાઈટથી પણ ડાઉનલોડ કરી શકાય છે. જેની સાથે ૧૦૦ રૂપિયાનો ડી.ડી. લગાવવો અનિવાર્ય છે. પ્રત્યેક આવેદક એક ફોર્મમાં વધુમાં વધુ ૨ વિષયો માટે આવેદન કરી શકે છે. આવેદન ફોર્મ ભરીને મોકલવા પર પરીક્ષા ફી એક વિષય માટે ૩૦૦।- રૂપિયા અને બે વિષયો માટે ૫૦૦।- રૂપિયા રોકડા અથવા ડી.ડી. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના નામે મોકલવો. વેબસાઈટથી ડાઉનલોડ કરેલ ફોર્મને મોકલવા માટે પણ એક વિષય માટે ૩૦૦।- રૂપિયા અને બે વિષયો માટે ૫૦૦।- રૂપિયા રોકડા અથવા ડી.ડી. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વારના નામે મોકલવો જરૂરી છે.

**નિર્દેશ પુસ્તિકા અને જાણકારી આ કેન્દ્રો પર પણ ઉપલબ્ધ છે.**

- શ્રી સત્યપ્રકાશ ત્રિપાઠી, ગાયત્રી શક્તિપીઠ, કંકડબાગ, પટના બિહાર, મો.૦૯૩૮૬૧૦૧૦૦૧
- શ્રી એ.પી.શ્રીવાસ્તવ, ગાયત્રી શક્તિપીઠ બ્રહ્મપુરી પૌન્ડ્રીક ઉદ્યાન, જયપુર(રાજ.), મો-૦૯૪૧૪૦૦૬૧૯૪
- શ્રી એન.કે.સુરજનજી, સુરજન નિવાસ, રામદીન માર્ગ, રાજનાંદગામ (છત્તીસગઢ), મો.૦૯૩૩૦૧૦૭૦૫૫૫
- શ્રી મહાકાલ શ્રીવાસ્તવ, ગાયત્રી શક્તિપીઠ, મહારાણા પ્રતાપનગર, ભોપાલ-મ.પ્ર., મો.-૦૯૪૨૪૪૧૩૮૭૫
- શ્રી પ્રદીપ દીક્ષિત, ગાયત્રી ચેતના કેન્દ્ર સેક્ટ-૧૨ ક્યૂ-૨, નોએડા (ઉ.પ્ર.), મો.-૦૯૩૧૯૦૭૧૫૨૩
- શ્રી એ.પી.શુક્લા, ગાયત્રી શક્તિપીઠ, કુર્સી રોડ, ટેઢી પુલિયાની પાસે, લખનૌ, મો.-૦૯૯૫૬૨૯૬૧૬૫


**પોતાના ઈમાનને સાધી વિવેક તથા ઔચિત્યના બે ડગ વધારી લક્ષ્ય તરફ વધો તો એમાં જ સાચું પરાક્રમ છે.**

# નવી દિશાઓ

# શાંતિકુંજમાં સૌર ઉર્જાનો વિશાળ સ્તર પર પ્રયોગ

## દરરોજ લગભગ ૬૦૦૦ લોકોનું ભોજન બનાવવામાં આવી રહ્યું છે

**શાંતિકુંજ-હરિદ્વાર**

મે મહિના દરમ્યાન શાંતિકુંજ મીડિયાના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. ઉર્જા સ્ત્રોતોની ઉણપ અને પર્યાવરણ સંકટની ભીષણ ત્રાસદી સહન કરી રહેલ આ યુગમાં વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોત-સૌર ઉર્જાના વ્યાપક સ્તર પર પ્રયોગની પહેલ જ એનું મુખ્ય કારણ રહ્યું. વિભિન્ન પત્ર-પત્રિકાઓ અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ એને ભવિષ્યની આશાના કિરણના રૂપમાં જોયું અને પ્રચારિત કર્યું. મીડિયામાં સમાચાર વાંચીને નેતા, અધિકારી તથા અનેક સંસ્થાઓના પ્રમુખ આ યંત્રને કામ કરતું જોવા માટે શાંતિકુંજ આવ્યા.

આ યંત્ર શાંતિકુંજે ઉત્તરાખંડ અક્ષય ઉર્જા વિકાસ પ્રાધિકરણ (ઉરેડા)ના સહયોગથી લગાવ્યું છે. યંત્રની કુલ કિંમત ૨૭ લાખ રૂપિયા -ની છે, જેમાંથી ૧૦ લાખ રૂપિયાની સહાયતા રાજ્ય સરકાર તરફથી મળી છે.



સૌર ઉર્જા યંત્ર લગાવવા માટે કોઈ વધારાની જગ્યાની આવશ્યકતા પડતી નથી. અદિતિ ભવનના ધાબા પર ૧૬૦ વર્ગ મીટર સ્થાન પર જ આ યંત્ર લગાવવામાં આવ્યું છે. ધાબા પર વિશાળ સ્તરના ૧૦ સોલાર પૈનલ લગાવવામાં આવ્યા છે, જે સૂર્યની કિરણોને એક કાચના બૉક્સ તરફ પરાવર્તિત કરી ત્યાંથી પાણીની વરાળનું નિર્માણ કરે છે. આ વરાળ પાઈપોના માધ્યમથી ભોજનાલય સુધી લઈ જવાય છે, જ્યાં તેને નિયંત્રિત કરી એનાથી ભોજન રાંધવાનું કાર્ય કરવામાં આવે છે. આ વરાળથી દાળ, ભાત, શાક જેવા ભોજન સરળતાથી બનાવવામાં આવે છે. શાંતિકુંજના ભોજનાલયમાં દરરોજ ૪ થી ૬ હજાર લોકો ભોજન કરે છે, જે હવે આ વરાળથી ભોજન તૈયાર થઈ રહ્યું છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ભોજન બન્યા પછી ઓછા દબાણ વાળા ગરમ પાણીનો ઉપયોગ અન્ય કાર્યો માટે પણ કરી શકાય છે.

### ઘરેલુ ઉપયોગ માટે સાધન ઉપલબ્ધ છે

ઘરોમાં સૌર ઉર્જાથી ભોજન બનાવવા માટે સોલાર કુકરનો ઉપયોગ થાય છે, જે લગભગ ૨૨૫૦I-રૂપિયાની કિંમત પર ઉપલબ્ધ છે. ૩૨૦૦ રૂપિયામાં એવું કુકર મળે છે, જેમાં તડકો ન મળતાં વિજળીથી ચલાવવાની વ્યવસ્થા છે. એમાં ચાર અલગ-અલગ ડબ્બા હોય છે, જેમાં દાળ, ભાત, શાક જેવા ભોજન રાખી તડકે રાખી શકાય છે. સૂર્યની ગરમી પ્રમાણે બે થી અઢી કલાકમાં ભોજન



તૈયાર થઈ જાય છે. ૬૫૦૦ રૂપિયામાં ડિશ ટાઈપ સોલાર કુકરનો એવો સેટ મળે છે, જેમાં ૨૦ થી ૨૫ મીનિટમાં ખાવાનું તૈયાર થઈ શકે છે. ઉત્તરાખંડના દરેક જિલ્લામાં ''ઉત્તરાખંડ અક્ષય ઉર્જા વિકાસ પ્રાધિકરણ (ઉરેડા)''નું કાર્યાલય છે, જે ગ્રાહકને આ બાબતે પૂરી જાણકારી આપે છે. અન્ય રાજ્યોમાં પણ સૌર ઉર્જાને પ્રોત્સાહિત કરનારા કેન્દ્રો છે.

### ઈકો ફ્રેન્ડલી છે સોલર સિસ્ટમ

શાંતિકુંજ આ સૌર ઉર્જા યંત્રથી દરરોજ ૧૦ સિલિન્ડર એલ.પી.જી. ગેસ અથવા એટલી જ માત્રામાં લાકડાની બચત કરી રહ્યું છે. શાંતિકુંજનો ઉદ્દેશ્ય માત્ર આટલો જ નથી. વિશેષજ્ઞોના મતાનુસાર એનાથી દરરોજ ૧૦૦૦ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન રોકી શકાય છે. લાકડાનો ઉપયોગ ઈંધણ રૂપે રોકાતા જંગલો બચી જશે.

### મુખ્ય અભિયાન-દિશા, પ્રેરણા

શાંતિકુંજ પોતે જ એક આંદોલન છે. અહીંનું પ્રત્યેક કામ લોકશિક્ષણને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. સૌર ઉર્જાના પ્રયોગની ચર્ચાઓ તો ખૂબ થતી રહે છે, પરંતુ શાંતિકુંજે તેને સમાજમાં લાગુ કરાવવા માટે આ પ્રયોગ એક આંદોલનના રૂપમાં આરંભ કર્યો છે. સૌર ઉર્જાનો આ પ્રયોગ વિશાળ સ્તર પર થઈ રહ્યો છે, પરંતુ એને ઘરેલું સ્તર પર પણ લાગુ કરી શકાય છે, જેની જાણકારી અહીં આવનારા શિબિરાર્થી, દર્શકોને આપવામાં આવે છે. આશા છે કે શાંતિકુંજની આ શરૂઆતથી સૌર ઉર્જાના ઉપયોગની એક ક્રાંતિકારી લહેર ચાલી પડશે.

**આસ્થા પોત-પોતાની:-**ગાયત્રી પરિવાર પણ સૂર્ય ઉપાસક છે. જેમને સૌર ઉર્જાથી ભોજન બનાવવાની વાત ખબર પડી રહી છે, એમાંથી ઘણાખરા લોકોને એ કહેતા સાંભળવામાં આવ્યા છે કે આના દ્વારા ભોજનના સૂક્ષ્મ સંસ્કારોમાં પણ પ્રભાવ પડશે. પ્રભાવ શું પડશે? એ તો કહી ન શકાય, પરંતુ સૂર્ય-શક્તિ પ્રત્યે એમની શ્રદ્ધા મજબૂત થઈ રહી છે.

### શાંતિકુંજ તમારું ઘર છે, ધર્મશાળા નહીં.

લાખો લોકોને પરમ પૂજ્ય ગુરુદેવ પરમ વંદનીય માતાજી દ્વારા એ આશ્વાસન મળ્યું છે કે શાંતિકુંજ તમારું ઘર છે, ગુરુદ્વારા છે. અહીં આવનારને આ આશ્વાસન અત્યારે પણ મળી રહ્યું છે. પરંતુ જ્યાં ઘરના સદસ્યોને ઘરમાં આવી એક શાંતિ મળે છે, ત્યાં એ ઘરના નિયમોને નિભાવવા, તેની વ્યવસ્થા અને વિકાસનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવું એ પણ એ ઘરના સદસ્યોની જવાબદારી છે.

પરમ પૂજ્ય ગુરુદેવે શાંતિકુંજને વ્યક્તિત્વ નિર્માણની ટંકશાળના રૂપે, લોકશિક્ષણ માટે તક્ષશિલા-નાલંદાના રૂપે સ્થાપિત કર્યું છે. આ માટે દરેક આત્મીયતા રાખનાર પરિજનોએ પોતાના ગુરુદેવની ઈચ્છાને પૂરી કરવા માટે પૂરેપૂરૂ ધ્યાન રાખવું જોઈએ અને તેને અનુરૂપ લાભ પણ લેવો જોઈએ.

મોટે ભાગે ચાર ધામની યાત્રાના સમયમાં ફરવાવાળાઓની સંખ્યા વધી જાય છે અને સાધના શિક્ષણનું વાતાવરણ ગડબડાય છે અને અવ્યવસ્થા વધે છે. એ ધ્યાન રાખશો કે શાંતિકુંજ કોઈ ધર્મશાળા નથી. અહીંયા જે પરિજનો આવે અથવા જેને મોકલવામાં આવે, એમને પહેલેથી મંજૂરી લઈને જ અહીં આવવું/મોકલવા. અહીં

(૧) વિભિન્ન સત્રોમાં પહેલેથી મંજૂરી મેળવેલ પરિજનો અને

(૨) કોઈ પણ પ્રકારના સંસ્કાર કરાવવા આવેલ પરિજનોને વધારેમાં વધારે **બે દિવસ માટે જ** ઉતારો આપવામાં આવશે.

**જે લોકો હરિદ્વાર ફરવા કે ચાર ધામની યાત્રા માટે આવે છે, તેઓ શાંતિકુંજના દર્શન માટે તો આવી શકે છે,પરંતુ તેમને પોતાના રહેવાની વ્યવસ્થા બીજે ક્યાંય(અન્યત્ર) કરવાની રહેશે. મંજૂરી વગર આવનાર લોકોનો સામાન ગેટ પર રાખી ફક્ત દર્શન માટે વિશેષ પાસ આપી અંદર પ્રવેશની વ્યવસ્થા રહેશે. આવા લોકો જો સામાન લઈને આવશે તો તેમનો સામાન ગેટ પર રાખી દેવામાં આવશે.**

### ઉત્તરાખંડના સરકારી ચિકિત્સકોની યોગ-ઓરિએન્ટેશન શિબિર

ડૉક્ટરોની તુલના ઈશ્વર સાથે કરવામાં આવી છે. તે જીવનદાતા કહેવાય છે. રોગી પૂરા વિશ્વાસ સાથે પોતાની જાતને ચિકિત્સકને સોંપી દે છે. દરેક ચિકિત્સકે પોતાની આ ગૌરવ-ગરિમાનું ધ્યાન રાખતાં સમાજના આ વિશ્વાસ સાથે ન્યાય કરવો જોઈએ. ડૉક્ટરોનો સૌથી મોટો ગુણ સંવેદનશીલતા છે. સ્વયં પ્રસન્નચિત્ત રહેવું, રોગીને સકારાત્મક વિચારો આપવા અને પૂર્વાભાસ રાખવો, આ ત્રણ એવા સદ્‌ગુણ છે જે કોઈપણ ચિકિત્સકને ઉંચે ઉઠાવી તેને જીવનદાતાની ભૂમિકાનો બોધ કરાવે છે.



આદરણીય ડૉ.સાહેબ-જીજી સાથે ચિકિત્સકગણ

આ વાત દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં યોજાયેલ ઉત્તરાખંડના સરકારી ચિકિત્સા અધિકારીઓના યોગ ઓરિએન્ટેશન કાર્યક્રમના સમાપન સમારોહ વખતે શાંતિકુંજના પ્રતિનિધિ ડૉ.ઓ.પી.શર્માએ કહી. તેમણે ચિકિત્સા અધિકારીઓને ચિકિત્સાની આધ્યાત્મિક વિધિઓની જાણકારી આપી. આયુર્વેદાચાર્ય ડૉ.રામપ્રકાશ પાંડેએ આ પ્રસંગે આયુર્વેદને એક સમગ્ર જીવન પદ્ધતિ જણાવી. તેમણે શાંતિકુંજના પીડા નિવારણ તથા પતન નિવારણ કાર્યક્રમોની જાણકારી આપતાં કહ્યું કે સાધના મનુષ્ય જીવનને ઉત્કૃષ્ટ બનાવે છે. તેમણે સ્વાસ્થ્ય રક્ષણના કાર્યક્રમોને પણ એક સાધના ગણાવી. સાથે એ પણ કહ્યું કે ચિકિત્સા વ્યવસાય નહીં, સેવા છે.

આ છ દિવસીય શિબિર કેન્દ્ર સરકારના આયુષ વિભાગના તત્વાવધાનમાં સંપન્ન થઈ. એમાં આવેલા ચિકિત્સા અધિકારીઓએ પોતાની અનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું કે દે.સં.વિ.વિ.-શાંતિકુંજમાં તેમને શારીરિક તેમજ માનસિક સ્તર પર આધ્યાત્મિક લાભ મળ્યો. અહીંયાં રહી તેમના આત્મિક ઉત્થાનના નવા દ્વાર પણ ખુલ્યા. ટીહરીની ડૉ.મધુ ઉપાધ્યાય, પિથૌરાગઢના ડૉ.નવીન ચંદ્ર જોશી, હરિદ્વારની ડૉ.પૂજા રાય, ઉત્તરકાશીના ડૉ.ડી.ડી.બધાની, નૈનીતાલની ડૉ.કવિતા રાવત, પૌડીની ડૉ.દીવાનસિંહ, અલ્મોડાના ડૉ.શિવેન્દ્ર ગુરુનાની વગેરે પણ પોતાના વિચારો રજૂ કરતા કહ્યું, કે યોગ તેમજ પૂરક ચિકિત્સાઓ બાબતની આવી શિબિર દર વર્ષે આયોજીત થવી જોઈએ.

વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ.એસ.પી.મિશ્રાએ ચિકિત્સકોને વિદાય આપતાં કહ્યું કે આજે પ્રકૃતિનિષ્ઠ જીવન જીવવાનું શિક્ષણ લોકોને આપવું, એ સૌથી મોટું સેવાકાર્ય છે. તેમણે ડૉક્ટરોને ચિકિત્સા વ્યવસાયની ગરિમાને દેવ ભૂમિમાં પ્રતિષ્ઠિત કરવાની અપીલ કરી. કાર્યક્રમનું સંચાલન ડૉ.સુરેશ વર્ણવાલે કર્યું.

**સ્વામી:-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસ:-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org

EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11

LICENCE TO POST W/O PREPAYMENT NO. WPP/05/05 RENEWED UP TO-2011